


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 094
Dt.: 08-02-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa


### US-ભારત ટ્રેડ ડીલ અંગે પિયૂષ ગોયલે આપી માહિતી

# હીરા અને દવાઓ પર 0% ટેરિફ, ખેડૂતો-ડેરીના હિતો સુરક્ષિત

### ખેડૂતોના હિતને સર્વોપરિ રાખતા કોમર્સ અને ઈન્ડસ્ટ્રી મંત્રી ગોયલે ભાર આપ્યો કે આ સમજુતિ ઘણા ભારતીય કૃષિ ઉત્પાદનો માટે અમેરિકી બજાર ખોલશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોમર્સ અને ઈન્ડસ્ટ્રી મંત્રી પીયુષ ગોયલે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે વચગાળાની વ્યાપાર સમજુતિ હેઠળ ભારતે પોતાના ઘણા એક્સપોર્ટ પર ઝીરો ટેરિફની સુવિધા હાસિલ કરી છે, જેમાં એગ્રી, ફાર્મા અને હાઈ વેલ્યુ મેન્યુફેક્ચર સામાનને સૌથી વધુ લાભ થયો છે. ખેડૂતોના હિતને સર્વોપરિ રાખતા ગોયલે ભાર આપ્યો કે આ સમજુતિ ઘણા ભારતીય કૃષિ ઉત્પાદનો માટે અમેરિકી બજાર ખોલશે, સાથે તે ખાતરી કરશે કે ઘરેલું ખેડૂતોને કોઈ નુકસાન ન થાય. ગોયલે કહ્યુ કે કૃષિ ક્ષેત્રમાં પણ ભારતના ઘણા ઉત્પાદન હવે ઝીરો ટેરિફ પર અમેરિકામાં નિકાસ કરી શકાશે. તેમણે આગળ કહ્યું કે ચા, મસાલા, કોફી, નાળિયેર, તેલ, ટોપરા અને વનસ્પતિ મીણ જેવી વસ્તુઓ પર અમેરિકામાં કોઈ ટેરિફ લાગશે નહીં.

તેમણે કહ્યું કે કેળા, કેરી, જામફળ, એવોકાડો, કીવી, પપૈયા, અનાનાસ, મશરૂમ, મૂળવાળા શાકભાજી, અનાજ, જુવાર, બેકરી ઉત્પાદન, કોકો ઉત્પાદન, તલ, ખસખસ અને ખાળા ફળોના રસ સહિત ઘણા પ્રકારના ફળ, શાકભાજી અને કૃષિ ઉત્પાદન કોઈ શુલ્ક વગર અમેરિકી બજારમાં પ્રવેશ કરી શકશે. ગોયલે કહ્યું કે દેશભરમાં ચર્ચા થઈ રહી છે કે ભારતના ઘણા કૃષિ ઉત્પાદન હવે શૂન્ય શુલ્ક પર અમેરિકામાં પ્રવેશ કરી શકશે. તેમણે જણાવ્યું કે સરકારે ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડનાર કોઈ પગલા ભર્યા નથી. ગોયલે કહ્યું કે હું વિશ્વાસની સાથે કહી શકું છું કે ભારત-અમેરિકાની ડીલ ભારતના ખેડૂતો, લઘુ તથા મધ્યમ ઉદ્યોગો કે હસ્તકલા તથા હસ્તશિલ્પ ક્ષેત્રોના હિતોને કોઈ પ્રકારનું નુકસાન પહોંચાડતી નથી. કૃષિ સિવાય ગોયલે કહ્યુ કે ભારતના લગભગ ૧૩ અબજ ડોલરના ફાર્માસ્યુટિકલ્સ નિકાસ પર અમેરિકામાં કોઈ શુલ્ક લાગશે નહીં. રત્ન અને આભૂષણની નિકાસની સાથે-સાથે અન્ય ઊંચી કિંમતવાળા ઉત્પાદનો પર પણ શુલ્ક લાગશે નહીં. ભવિષ્યની વાત કરતા ગોયલે કહ્યું કે ભારતમાંથી નિકાસ થનાર સ્માર્ટફોન પર પણ ભવિષ્યમાં કોઈ શુલ્ક લાગશે નહીં અને અન્ય ભારતીય નિકાસો પર પરંપરાગત શુલ્ક ઘટી શૂન્ય કરી દેવામાં આવશે.

તેમાં વિમાન અને મશીનરીના સ્પેરપાર્ટ્સ, જેનેરિક દવાઓ અને ફાર્માસ્યુટિકલ ઉત્પાદન, બંગાળ, કેરળ અને મહારાષ્ટ્રના રત્ન અને હીરા, સિક્કા, પ્લેટિનમ, ઘડિયાળ, જરૂરી તેલ, ઝૂમર જેવી પસંદગીની ઘરેલું સજાવટની વસ્તુઓ, બીજ, અકાર્બનિક રસાયણ અને સંયોજન સામેલ છે. તે ઉત્પાદન પર કોઈ શુલ્ક લાગશે નહીં. ગોયલે કહ્યુ કે હવે અમેરિકામાં શુલ્ક શૂન્ય હશે. મંત્રીએ તે વાત પર ભાર આપ્યો કે આ સમજુતિ ભારતની વધતી નિકાસ ક્ષમતાને દર્શાવે છે. સાથે બજાર પહોંચ અને ઘરેલું સુરક્ષા ઉપાયો વિશેષ રૂપથી કૃષિ વચ્ચે સંતુલન બનાવી રાખે છે.

પિયૂષ ગોયલે શું આપી માહિતી?

- ખેડૂતો અને ડેરી ખેડૂતોના હિતોનું રક્ષણ કરવામાં આવ્યું છે
- ૩૦ ટ્રિલિયન ડોલરનું યુએસ બજાર ભારતીય નિકાસકારો માટે ખુલ્લું છે
- રત્નો, હીરા, ફાર્માસ્યુટિકલ્સ અને ભારતમાં બનેલા સ્માર્ટફોન પર 0% ડ્યુટી લાગશે

આ અગાઉ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલે સોશિયલ મીડિયા પર સંયુક્ત નિવેદન શેર કર્યું હતું, જેમાં જણાવાયું છે કે આ નવું ફ્રેમવર્ક કેટલા મોટા માર્કેટ એક્સેસને ખોલી શકે છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે અમેરિકાની સાથે એક વચગાળા સમજૂતિ માટે એક ફ્રેમવર્ક તૈયાર કર્યું છે, જે ભારતીય નિકાસકારો માટે ઈ૩૦ ટ્રિલિયન બજાર ખોલશે.

પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે વિકસિત ભારત ૨૦૪૭ ના લક્ષ્ય તરફ આજનો દિવસ એક મહત્વપૂર્ણ દિવસ છે. અમેરિકા સાથેની ટ્રેડ ડીલ એ એક ઐતિહાસિક પગલું છે. અમે ફેબ્રુઆરી ૨૦૨૫માં વાતચીત શરૂ કરી હતી. આ વાટાઘાટો બંને દેશો વચ્ચે વેપારને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત હતી. દ્વિપક્ષીય કરારની ચર્ચા કરતા, ગોયલે કહ્યું કે તે વેપારને



પ્રોત્સાહન આપવા અને બંને દેશો વચ્ચે સહયોગને ગાઢ બનાવવા પર કેન્દ્રિત છે. આ કરાર ભારતીય નિકાસકારો, ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો, ખેડૂતો અને માછીમારો માટે તકો વધારશે.

---

# મથુરામાં ભયંકર અકસ્માતઃ પૂરપાટ ઝડપે આવતા કન્ટેનરે ૬ લોકોને કચડ્યાં

### એક ઝડપી ગતિએ આવતા કન્ટેનરે મુસાફરોને લઈ જતી બસને ટક્કર મારી હતી જેમાં છ લોકોના મૃત્યુ થયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મથુરા

ઉત્તર પ્રદેશના મથુરામાં યમુના એક્સપ્રેસ વે પર ગઈકાલે મોડી રાત્રે એક મોટો અકસ્માત થયો. એક ઝડપથી આવતા કન્ટેનરે મુસાફરોને લઈ જતી બસને ટક્કર મારી હતી. સ્લીપર બસમાંથી ઉતર્યા પછી મુસાફરો ઉભા હતા ત્યારે એક કન્ટેનર કાબૂ ગુમાવી બેઠું અને તેમને કચડી નાખ્યા. છ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે.

સુરીર પોલીસ સ્ટેશન વિસ્તારમાં યમુના એક્સપ્રેસ વેના માઈલસ્ટોન ૮૮ પાસે આ અકસ્માત થયો. અત્યાર સુધી મળેલી માહિતી મુજબ, સ્લીપર બસ નોઈડાથી ફરુખાબાદ જઈ રહી હતી.

રસ્તામાં, કેટલાક મુસાફરો ચા પાણી માટે યમુના એક્સપ્રેસ વે પરથી ઉતરી ગયા, જેના કારણે કેટલાક અન્ય મુસાફરો નીચે ઉતરીને રસ્તા પર ઉભા રહી ગયા હતા આ સમયે અકસ્માત સર્જાયો, આ દરમિયાન, એક ઝડપથી આવતો કન્ટેનર આવ્યો અને બસમાંથી ઉતરી રહેલા મુસાફરોને ટક્કર મારી. મુસાફરો પોતાને સમજી શકે કે સમજાવી શકે તે પહેલાં, કન્ટેનર તેમના પર ચડી ગયું. અકસ્માતમાં છ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા, જ્યારે એક મુસાફર ગંભીર રીતે ઘાયલ થયો. તેની હાલત અત્યંત નાજુક છે. અકસ્માતમાં અફડાતફડી મચી ગઈ. નજીકના લોકો મદદ માટે દોડી આવ્યા અને મોટી ભીડ એકઠી થઈ ગઈ. માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કામગીરી શરૂ કરી. પોલીસે તાત્કાલિક ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં ખસેડ્યા, જ્યાં તેઓ હાલમાં સારવાર લઈ રહ્યા છે. આ અકસ્માતમાં સોનુ (૪૨), દેવેશ, અસલમ (૨૭), સંતોષ (૪૫) અને અન્ય બે લોકોના મોત થયા, જ્યારે ઔરૈયાના શિવકાંત દુબે (૪૫) ઘાયલ થયા.

પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. આગળની કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. મૃતકોના પરિવારજનોને જાણ કરવામાં આવી છે. પોસ્ટમોર્ટમ તપાસ પછી મૃતદેહો તેમના પરિવારજનોને સોંપવામાં આવશે.

---

### ખેડૂતો માટે રાહતના સમાચાર

# કિસાન ક્રેડિટ કાર્ડને વધુ સરળ બનાવશે આરબીઆઈ

### RBI કિસાન ક્રેડિટ કાર્ડ યોજનાને સરળ અને વિસ્તૃત કરવા જઈ રહી છે, જેનાથી ખેડૂતો સરળતાથી લોન મેળવી શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરના લાખો ખેડૂતો માટે મહત્વપૂર્ણ અને આશ્વાસન આપનારા સમાચાર આવ્યા છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) એ કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) યોજનાને વધુ સરળ અને યૂઝર ફ્રેન્ડલી બનાવવાની તૈયારી કરી છે. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે લોન માંગતા ખેડૂતો માટે મુશ્કેલીઓ ઘટાડવા અને ભંડોળની સમયસર પહોંચ સુનિશ્ચિત કરવા માટે આ યોજના માટે નવી માર્ગદર્શિકા જારી કરવામાં આવશે. આ પગલાથી કૃષિ કામદારો અને નાના ખેડૂતો બંનેને સીધો ફાયદો થવાની અપેક્ષા છે. RBI ની નવી યોજના હેઠળ, કિસાન ક્રેડિટ કાર્ડનો વ્યાપ વધારવામાં આવશે. તમામ કૃષિ અને સંબંધિત પ્રવૃત્તિઓ માટેના વિવિધ નિયમોને એકીકૃત અને અપડેટ કરવામાં આવશે. આનો હેતુ ખેડૂતોને વિવિધ નિયમો સમજવામાં મુશ્કેલીઓ દૂર કરવા અને બેંકો દ્વારા સરળ લોન વિતરણને સરળ બનાવવાનો છે.

પ્રસ્તાવિત ફેરફારોમાં પાકની મોસમને એકીકૃત કરવી, KCC કાર્યકાળ વધારવો અને દરેક પાક ચક્રના આધારે લોન મર્યાદા નક્કી કરવાનો સમાવેશ થાય છે. આનાથી ખેડૂતો માટે પુનરાવર્તિત પેપરવર્ક દૂર થશે અને જરૂર પડ્યે તેઓ ભંડોળને વધુ સરળતાથી મેળવી શકશે.

અત્યાર સુધી, કિસાન ક્રેડિટ કાર્ડની મુદત મર્યાદિત હતી, પરંતુ નવી માર્ગદર્શિકા હેઠળ, તેને ૬ વર્ષ સુધી લંબાવવાનો પ્રસ્તાવ છે. આનાથી ખેડૂતોને દર વર્ષે નવું કાર્ડ મેળવવાની અથવા વારંવાર બેંકની મુલાકાત લેવાની જરૂરિયાત દૂર થશે. એક જ કાર્ડનો લાંબા ગાળાનો ઉપયોગ ખેતી આયોજનને પણ સરળ બનાવશે.

કૃષિમાં ટેકનોલોજીનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. ખેડૂતોને ટપક સિંચાઈ, છંટકાવ, નાની કૃષિ મશીનરી અને ડિજિટલ સાધનોની જરૂર પડે છે. RBI ની નવી માર્ગદર્શિકામાં KCC લોનમાં ટેકનોલોજી સંબંધિત ખર્ચનો સમાવેશ કરવાનું કહેવામાં આવ્યું છે. આ આધુનિક ખેતીને પ્રોત્સાહન આપશે અને ખેડૂતોના ખર્ચમાં ઘટાડો કરશે.

કિસાન ક્રેડિટ કાર્ડ યોજના ખેડૂતોને સસ્તી અને મુશ્કેલીમુક્ત લોન પૂરી પાડવા માટે શરૂ કરવામાં આવી હતી. તેનો હેતુ ખેડૂતોને તેમની નાની અને મોટી ખેતીની જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ બનાવવાનો છે. બીજ, ખાતર, દવાઓ, સિંચાઈ, લણણી પછીના ખર્ચ અને ઘરગથ્થુ જરૂરિયાતો માટે પણ લોન લઈ શકાય છે.

સુધારેલી વ્યાજ સહાય યોજના હેઠળ, કિસાન ક્રેડિટ કાર્ડ પર રૂ.૫ લાખ સુધીની લોન ઉપલબ્ધ છે. વ્યાજ દર ૭% સુધી મર્યાદિત છે. જો ખેડૂત સમયસર લોન ચૂકવે છે, તો તેમને વધારાની ૩% ડિસ્કાઉન્ટ મળે છે. આનાથી અસરકારક વ્યાજ દર ઘટીને માત્ર ૪% થઈ જાય છે.

કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ વિવિધ પ્રકારના ખેડૂતોને મળી શકે છે. આમાં જમીનમાલિકો, સંયુક્ત ખેડૂતો, ભાડૂઆત ખેડૂતો, શેરખેતીઓ અને મૌખિક ભાડે લેનારાઓનો સમાવેશ થાય છે. સ્વ-સહાય જૂથો (SHGs) અને ખેડૂતોના સંયુક્ત જૂથો પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

---

### ડેપ્યુટી મેયરપદે શિંદે જૂથના સંજય શંકર

# મુંબઈમાં પહેલીવાર બનશે ભાજપના મહિલા મેયર

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

મુંબઈવાસીઓને આખરે તેમનો નવો મેયર મળ્યા છે. ભારતીય જનતા પાર્ટીએ મુંબઈ મેયર પદ માટે વરિષ્ઠ નેતા અને કોર્પોરેટર રીતુ તાવડેને પોતાના ઉમેદવાર તરીકે નામ આપ્યું છે. આ ઔપચારિક જાહેરાત ભાજપ મુંબઈ પ્રમુખ અમિત સાટમે કરી હતી. ડેપ્યુટી મેયર પદ શિવસેનાને મળ્યું છે, જેણે સંજય શંકર ઘડીને પોતાના ડેપ્યુટી મેયર પદના ઉમેદવાર તરીકે નામાંકિત કર્યા છે.

રીતુ તાવડેને ભાજપના વરિષ્ઠ કોર્પોરેટર માનવામાં આવે છે. પક્ષ અને સંગઠનમાં તેમના વ્યાપક અનુભવને કારણે, તેમને પહેલાથી જ મેયર પદ માટે મજબૂત દાવેદાર માનવામાં આવતા હતા. આ જ કારણ છે કે પાર્ટીએ તેમને મેયર પદ માટે પસંદ કર્યા છે. આ પહેલી વાર છે જ્યારે ભાજપના મુંબઈમાં મેયર બનશે.

ભાજપ અને શિવસેનાએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી ગઠબંધન તરીકે લડી હતી. મહાયુતિના કુલ ૧૧૮ કોર્પોરેટરો ચૂંટાયા હતા. જેમાંથી ૮૯ ભાજપના અને ૨૯ એકનાથ શિંદેની શિવસેનાના હતા.

રીતુ તાવડેની રાજકીય સફર : ૨૦૧૨માં વોર્ડ નં. ૧૨૭ જીતીને રીતુ તાવડેએ મ્યુનિસિપલ રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ, ૨૦૧૭માં, તેઓ ઘાટકોપરના વોર્ડ નં. ૧૨૧માંથી પહેલી વાર ચૂંટાયા હતા. તાજેતરમાં ૨૦૨૫ની ચૂંટણીમાં, તેઓ ફરીથી વોર્ડ નં. ૧૩૨માંથી જીત્યા હતા. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેમના કાર્યકાળ દરમિયાન, રીતુ તાવડેએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી હતી. શિક્ષણ સંબંધિત મુદ્દાઓ પર તેમનું કાર્ય મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ભાજપ નેતૃત્વ માને છે કે રીતુ તાવડેનો અનુભવ અને સંગઠનાત્મક ક્ષમતાઓ મુંબઈ માટે મજબૂત અને અસરકારક નેતૃત્વ પૂરું પાડશે. આ જ કારણ છે કે મેયર પદ માટે તેમનું નામ આગળ મૂકવામાં આવ્યું છે.

શિવસેનાએ આ પદ માટે સંજય શંકર ઘડીને નામાંકિત કર્યા છે. તેમના વ્યાપક સંગઠનાત્મક અનુભવ અને શહેરના રાજકારણની સમજને કારણે તેમને આ જવાબદારી સોંપવામાં આવી છે. ૫૭ વર્ષીય સંજય શંકર ઘડી મુંબઈના રહેવાસી અને દહિસરના વોર્ડ નંબર ૫ ના કોર્પોરેટર છે.

તેમણે પોતાનું પ્રારંભિક શિક્ષણ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કૂલમાંથી મેળવ્યું, ત્યારબાદ માધ્યમિક શિક્ષણ છબિલદાસ હાઈ સ્કૂલ, દાદરમાંથી મેળવ્યું. તેમણે ફોર્ટની સિદ્ધાર્થ કોલેજમાંથી બી.કોમ. ડિગ્રી મેળવી.

મુંબઈના નવા ડેપ્યુટી મેયર, સંજય ઘડી, મનસે પ્રમુખ રાજ ઠાકરેના નજીકના સહયોગી અને મિત્ર હતા. તેઓ ભારતીય વિદ્યાર્થી સેનામાં હતા.તેમણે મનસે વતી ચૂંટણી પણ લડી હતી, પરંતુ બાદમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં જોડાયા હતા. ત્યાંથી તેઓ કોર્પોરેટર બન્યા. ગયા વર્ષે એપ્રિલમાં, સંજય અને સંજના ઘડી બંને ઉદ્ધવ ઠાકરેની શિવસેના છોડીને એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા હતા.

---

# સાંસદ પપ્પૂ યાદવને ન મળ્યા જામીન, ન્યાયિક કસ્ટડીમાં મોકલી અપાશે

### હવે સોમવારે સાંસદની જામીન અરજી પર સુનાવણી થશે, પટના પોલીસે બપોરે બે વાગ્યે કોર્ટમાં રજૂ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારના પૂર્ણિયાથી સાંસદ પપ્પુ યાદવને બે દિવસ ન્યાયિક કસ્ટડી(કોર્ટની દેખરેખ હેઠળ જેલ વાસ)માં મોકલાયા છે. નાદુરસ્ત તબિયતને કારણે તેમણે હાલ પીએમસીએચ હોસ્પિટલમાં રાખવામાં આવશે. હવે સોમવારે સાંસદની જામીન અરજી પર સુનાવણી થશે, પટના પોલીસે આજે બપોરે બે વાગ્યે કોર્ટમાં રજૂ કર્યા હતા. જે બાદ પપ્પુ યાદવને બે દિવસ ન્યાયિક કસ્ટડીમાં મોકલવાનું ફરમાન કોર્ટે જાહેર કર્યું હતું. મહત્વનું છે કે શુક્રવારે મધરાત્રે પટના સ્થિત આવાસમાંથી ૩૧ વર્ષ જૂના એક કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી.

ધરપકડ પછી છાતીમાં દુખાવાની ફરિયાદ કરતાં તેમણે ઈન્દિરા ગાંધી હદય રોગ સંસ્થામાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સવારે મેડિકલ તપાસ કરવામાં આવી હતી. જ્યાંથી એમ્બ્યુલન્સ થકી તેમણે પટના સિવિલ કોર્ટ લઈ જવામાં આવ્યા હતા. પટના શહેરના એસપીએ કોર્ટ પરિસરમાં મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે સાંસદ પપ્પુ યાદવની ધરપકડ દરમિયાન તેમના સમર્થકોએ પોલીસને રોકવાનો પ્રયાસ કર્યો હતો. તે સમયે ઘર્ષણ થયું હતું. જે મામલે કેસ દાખલ કરવામાં આવ્યો છે. વીડિયો ફૂટેજના આધારે આરોપીઓની ઓળખ કરી એક્શન લેવામાં આવશે.

જણાવી દઈએ કે જે કેસમાં સાંસદ પપ્પુ યાદવની ધરપકડ થઈ તે ૩૧ વર્ષ જૂનો છે. પટના ગર્દનીબાગ પોલીસ સ્ટેશનમાં ૧૯૯૫માં જમીનો કેસ નોંધાયો હતો. ફરિયાદ કરનાર વિનોદ બિહારીલાલે આરોપ લગાવ્યો હતો કે તેમનું મકાન છેતરપિંડીથી પપ્પુ યાદવે ભાડે લીધું હતું. આ મામલે ચાર દિવસ પહેલા જ એમપી-એમએલએ કોર્ટે સંપત્તિ જપ્ત કરવાનો આદેશ કર્યો હતો. વારંવાર નોટિસ બાદ પણ સાંસદ પપ્પુ યાદવ કોર્ટમાં હાજર રહ્યા ન હતા જે બાદ કોર્ટે તેમની પાસે વોરંટ ઈસ્યુ કર્યું હતું. બીજી તરફ કોંગ્રેસ નેતાઓએ સાંસદ પપ્પુ યાદવની ધરપકડ થતાં રાજનૈતિક કાવતરાનો આરોપ લગાવ્યો છે. લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ તેમનું સમર્થન કર્યું હતું અને બંને નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે પપ્પુ યાદવ પટનામાં નીટ વિદ્યાર્થી સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાકાંડ કેસમાં અવાજ ઉઠાવી રહ્યા હતા. તેમનો અવાજ દબાવવા તેમની વર્ષો જૂના કેસમાં ધરપકડ કરવામાં આવી છે.




# તંત્રી લેખ......

## નોકરી કરતા લોકોને મોટી ભેટ આપવાની તૈયારીમાં સરકાર

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) અને કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC)ને મોટો ફાયદો મળવાનો છે. કેન્દ્ર સરકાર પગાર મર્યાદામાં વધારો સહિત અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાની તૈયારી કરી રહી છે. કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાએ આ સંકેત આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે શ્રમ અને રોજગાર મંત્રાલય ટૂંક સમયમાં EPFO અને ESIC હેઠળ પગાર મર્યાદા વધારવા, લઘુત્તમ વેતન નક્કી કરવા અને કર્મચારી પેન્શન યોજના, ૧૯૯૫ (EPS) હેઠળ લઘુત્તમ પેન્શન વધારવા અંગે નિર્ણય લેશે. માંડવિયાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર સાથે તાજેતરની બેઠકોમાં આ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા અને આગામી દિવસોમાં કામદારોના હિતમાં નિર્ણય લેવામાં આવશે. હાલમાં, EPFO માટે પગાર મર્યાદા ૧૫,૦૦૦ રૂપિયા પ્રતિ મહિનો છે, જ્યારે ESIC માટે તે ૨૧,૦૦૦ રૂપિયા છે. EPS માટે લઘુત્તમ પેન્શન દર મહિને ૧,૦૦૦ રૂપિયા છે. જો સરકાર મર્યાદામાં વધારો કરે છે, તો મોટાભાગના નોકરી કરતા લોકો આવરી લેવામાં આવશે. ગયા જાન્યુઆરીમાં, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કર્મચારી ભવિષ્ય નિધિ (EPF) યોજનામાં પગાર મર્યાદામાં સુધારો કરવા અંગે ચાર મહિનાની અંદર નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો. આ મર્યાદા છેલ્લા ૧૧ વર્ષથી યથાવત છે. સામાજિક કાર્યકર્તા નવીન પ્રકાશ નૌટિયાલ દ્વારા દાખલ કરાયેલી અરજી પર ન્યાયાધીશ જે.કે. મહેશ્વરી અને એ.એસ. ચાંદુરકરની બેન્ચે આ આદેશ આપ્યો હતો. અરજદાર વકીલો પ્રણવ સચદેવ અને નેહા રાઠીએ દલીલ કરી હતી કે દેશના ઘણા ભાગોમાં લઘુત્તમ વેતન આ મર્યાદા કરતાં વધુ હોવા છતાં, EPF પગાર મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આનાથી મોટી સંખ્યામાં કર્મચારીઓ સામાજિક સુરક્ષા અને ભવિષ્ય નિધિના લાભોથી વંચિત રહી રહ્યા છે. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે છેલ્લા ૭૦ વર્ષોમાં વેતન મર્યાદામાં સુધારો મનસ્વી રહ્યો છે, ક્યારેક ૧૩-૧૪ વર્ષના અંતરાલ પછી થાય છે. આ સમયગાળા દરમિયાન, ફુગાવો, લઘુત્તમ વેતન અથવા માથાદીઠ આવક જેવા આર્થિક સૂચકાંકો સાથે કોઈ સંબંધ જાળવવામાં આવ્યો ન હતો.

### વાતચીત માટે રાજી થયા

## ICC આગળ પાકિસ્તાન ઝુક્યું: ભારત સાથે મેચ રમવા પર તેવર બદલાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત-પાકિસ્તાન વચ્ચે ટી૨૦ વર્લ્ડ કપ મેચને લઈને ચાલી રહેલા વિવાદની વચ્ચે એક નવો ટ્વિસ્ટ સામે આવ્યો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) સાથે ઔપચારિક વાતચીતની માગ કરી છે. હકીકતમાં, પીસીબીએ પહેલા આઈસીસીને પત્ર લખી ભારત વિરુદ્ધ મેચમાંથી હટવાની વાત કહી હતી અને તેને અસાધારણ પરિસ્થિતિઓનો મામલો ગણાવતા પોતાની સરકારના ટ્વિટને પણ આધાર તરીકે જોડી દીધું હતું.

તેના જવાબમાં આઈસીસીએ પીસીબીને પૂછ્યું કે, તે અસાધારણ પરિસ્થિતિઓ અંતર્ગત કેવી સ્થિતિનો હવાલો આપી રહ્યા છે. સાથે જ આઈસીસીએ એવું પણ સ્પષ્ટ કર્યું કે મેચમાંથી હટવા પર કાનૂની પરિણામ અને સંભવિત પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે. હવે તાજેતરના ઘટનાક્રમમાં પીસીબીએ આઈસીસીને આ સમગ્ર મુદ્દે સમાધાન કરવા માટે સંવાદનો રસ્તો અપનાવવાની પહેલ કરી છે, જેથી ભારત-પાકિસ્તાન મેચને લઈને ઊભા થયેલા વિવાદનું સમાધાન કાઢી શકાય. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પોતાની સરકારના નિર્દેશનો હવાલો આપતા ૧૫ ફેબ્રુઆરીના રોજ ભારત વિરુદ્ધ ગ્રુપ મેચ માટે મેદાનમાં નહીં ઉતરવાની વાત કહી હતી અને તેને અસાધારણ પરિસ્થિતિઓ અંતર્ગત રજૂ કરી. તેના જવાબમાં આઈસીસીએ નિયમો અનુસાર, પીસીબીને પૂછ્યું કે, તેમણે કઈ પરિસ્થિતિઓમાં આ નિર્ણય લીધો અને આ સ્થિતિને ઘટાડવા માટે શું પગલાં ઉઠાવી શકાય. આઈસીસી હાલમાં પીસીબી સાથે વાતચીત કરી રહ્યું છે,જેથી આ મામલાનું સમાધાન કાઢી શકાય. આઈસીસીનું માનવું છે કે ખેલના હિતને કોઈ એકતરફી કાર્યવાહીથી ઉપર રાખવું જોઈએ. ફોર્સ મેઝ્યોર એક કાનૂની જોગવાઈ છે. જે કોઈ પક્ષને અસાધારણ પરિસ્થિતિઓમાં પોતાની જવાબદારીથી હટવાની છૂટ આપે છે. તેમાં યુદ્ધ, પ્રાકૃતિક આપદા, સરકારી આદેશ અથવા સાર્વજનિક આપાતકાલ જેવી સ્થિતિઓ સામેલ છે. તેનો ઉપયોગ ત્યારે માન્ય થાય છે, જ્યારે પ્રભાવિત પક્ષ સાબિત કરે કે ઘટના અનપેક્ષિત અપરિહાર્ય હતી અને તેણે તમામ શક્ય પ્રયાસ કર્યા, જેથી નુકસાનને ઓછું કરી શકાય. તેના માટે ખાલી અસુવિધા અથવા રાજનીતિક પસંદ પૂરતી નથી હોતી. પાકિસ્તાન સરકારે પહેલા જાહેરાત કરી હતી કે ટીમ ખાલી ભારત વિરુદ્ધ મેચ નહીં રમે, જેથી બાંગ્લાદેશને સમર્થન કરી શકાય. બાંગ્લાદેશે ભારતમાં સુરક્ષાના કારણે રમવાની ના પાડી હતી. પાકિસ્તાન ભારત ઉપરાંત બાકી મેચ રમશે. આઈસીસીએ પીસીબીને પૂછ્યું કે તેમણે મેચ નહીં રમવાનો નિર્ણય કરતા પહેલા સ્થિતિને સંભાળવા માટે શું પગલા ઉઠાવ્યા. તેના માટે વિકલ્પ શોધ્યા અથવા છૂટ માગી?

### કારચાલક પૂર ઝડપે ઓવરટેક કરવાનો પ્રયાસ કરતો હતો

## રાવપુરમાં બેફામ દોડતી વૈભવી કાર ટ્રાફિક સિગ્નલના થાંભલા સાથે ભટકાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરના રાવપુરા ટાવર ચાર રસ્તા પાસે ખોડીયાર માતાના મંદિર પાસે શુક્રવારે (છઠ્ઠી ફેબ્રુઆરી) મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. જ્યુબિલી બાગ તરફથી પૂર ઝડપે આવી રહેલી વૈભવી કાર ટ્રાફિક સિગ્નલના પોલ સાથે ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માત સર્જ્યા બાદ કારનો ચાલક સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. ઘટનાની જાણ થતા રાવપુરા પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે સરકારી મિલકતને નુકસાન પહોંચાડવું, મોટર વાહન અધિનિયમ સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

આ ઘટનાના સીસીટીવી વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે. વીડિયોમાં કારચાલક પૂર ઝડપે ઓવરટેક કરવાનો પ્રયાસ કરતા નિયંત્રણ ગુમાવી અકસ્માત સર્જાયો હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. મોડી રાત્રે ઘટના ઘટી હોવાથી સદનસીબે કોઈ જાનહાની થઈ નહોતી.

અકસ્માત બાદ વૈભીવી કારનો ચાલક કોણ હતો, તે નશાની હાલતમાં હતો કે નહીં તેમજ કારની ઝડપ અને અન્ય પરિસ્થિતિઓ અંગે હાલ શહેરમાં ચર્ચા ચાલી રહી છે.

પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ફરાર ચાલકની શોધખોળ ઝડપી બનાવી છે.

# ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલમાં આ મુદ્દાઓ પર થઈ સહમતી, ૧૦ પોઈન્ટમાં સમજો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારતે શનિવારે ઔપચારિક રીતે વચગાળાના ટ્રેડ કરારના માળખા પરના તેમના કરારની જાહેરાત કરી. આ કરાર હેઠળ, યુએસ ભારત પર ટેરિફ ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરશે. નિવેદન અનુસાર, આ માળખું ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ જે. ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ વ્યાપક યુએસ-ભારત દ્વિપક્ષીય વેપાર કરાર વાટાઘાટો પ્રત્યે બંને દેશોની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ માળખામાં વધારાની બજાર ઍક્સેસ પ્રતિબદ્ધતાઓ શામેલ હશે અને વધુ મજબૂત સપ્લાય ચેઈનને ટેકો આપશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, યુએસ અને ભારત વચ્ચેનો વચગાળાનો કરાર આપણા દેશોની ભાગીદારીમાં એક સીમાચિહ્નરૂપ બનશે. તે પરસ્પર હિતો અને નક્કર પરિણામો પર આધારિત દ્વિપક્ષીય અને સંતુલિત વેપાર પ્રત્યેની અમારી સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કરારની મુખ્ય શરતોમાં ભારત દ્વારા તમામ યુએસ ઔદ્યોગિક માલ અને ખાદ્ય અને કૃષિ ઉત્પાદનોની વિશાળ શ્રેણી પર ટેરિફ દૂર કરવા અથવા ઘટાડવાનો સમાવેશ થાય છે. આમાં સૂકા અનાજ, પશુ આહાર માટે લાલ જુવાર, બદામ, તાજા અને પ્રોસેસ્ડ ફળો, સોયાબીન તેલ, વાઈન અને સ્પિરિટ્સ અને અન્ય ઉત્પાદનોનો સમાવેશ થાય છે. અમેરિકા ભારતમાં ઉત્પાદિત વસ્તુઓ પર ૧૮ ટકા ટેરિફ લગાવશે. આ વસ્તુઓમાં કાપડ અને વસ્ત્રો, ચામડું અને ફૂટવેર, પ્લાસ્ટિક અને રબર, કાર્બનિક રસાયણો, ઘરના ફર્નિચર, હસ્તકલા અને ચોક્કસ મશીનરીનો સમાવેશ થાય છે. નિવેદનમાં જણાવાયું છે કે અમેરિકા અને ભારત તાત્કાલિક આ માળખાને અમલમાં મૂકશે અને સંમત માળખા અનુસાર પરસ્પર ફાયદાકારક દ્વિપક્ષીય વેપાર કરાર પૂર્ણ કરવા માટે એક વચગાળાના કરારને અંતિમ સ્વરૂપ આપવા તરફ કામ કરશે.

બંને દેશોના સંયુક્ત નિવેદનમાં મુખ્ય મુદ્દાઓ

૧. ભારત યુએસ માલ પર ટેરિફ ઘટાડશે : આ વેપાર કરાર હેઠળ, ભારત ઘણા યુએસ ઉત્પાદનો પરની ડ્યુટી દૂર કરવા સંમત થયું છે. આમાં મોટી સંખ્યામાં યુએસ કૃષિ અને ખાદ્ય ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આમાં જુવાર, સૂકા ડિસ્ટિલર્સના અનાજ, તાજા અને પ્રોસેસ્ડ ફળો, બદામ, સોયાબીન તેલ અને આલ્કોહોલિક પીણાંનો સમાવેશ થાય છે.

૨. અમેરિકા કેટલો ટેરિફ લગાવશે? : યુએસ ઓર્ડર ૧૪૨૫૭ હેઠળ, ભારત હવે ૧૮ ટકા પારસ્પરિક ટેરિફને આધીન રહેશે. આમાં કાપડ, ચામડું, ફૂટવેર, પ્લાસ્ટિક, રબર, કાર્બનિક રસાયણો, સુશોભન વસ્તુઓ, હાથથી બનાવેલી વસ્તુઓ અને મશીનરીનો સમાવેશ થશે.

૩. અમેરિકા આ વસ્તુઓ પરના ટેરિફ દૂર કરશે : કેટલાક ભારતીય ઉત્પાદનો પણ હશે જેના પર અમેરિકા સંપૂર્ણપણે ટેરિફ દૂર કરશે. આમાં રત્નો, હીરા, વિમાનના ભાગો અને સામાન્ય દવાઓનો સમાવેશ થાય છે.

૪. અમેરિકા સુરક્ષા ટેરિફ દૂર કરશે : અમેરિકાએ અગાઉ વિમાન અને ચોક્કસ ઘટકો માટે એલ્યુમિનિયમ, સ્ટીલ અને તાંબાની આયાત માટે એક સિસ્ટમ લગાવી હતી. આ કરાર બાદ, અમેરિકા આ સામગ્રી પરના ટેરિફ દૂર કરશે.

૫. રાષ્ટ્રીય સુરક્ષા ટેરિફ હેઠળ મુક્તિ : ભારતને યુએસ રાષ્ટ્રીય સુરક્ષા ટેરિફ હેઠળ ચોક્કસ ઓટોમોટિવ ભાગો માટે ટેરિફ-રેટ મુક્તિ મળશે, અને કલમ ૨૩૨ તપાસ પૂર્ણ થયા પછી ફાર્માસ્યુટિકલ્સ માટે શક્ય મુક્તિની જાહેરાત કરવામાં આવશે.

૬. દ્વિપક્ષીય બજાર ઍક્સેસ : બંને દેશો પરસ્પર ફાયદાકારક બજાર ઍક્સેસ સુનિશ્ચિત કરવા સંમત થયા છે.

૭. ટેરિફ સિવાયના અવરોધો દૂર કરવા : ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ એ પણ સંમત થયા છે કે ઘણા ક્ષેત્રોમાં, ટેરિફ સિવાયના પરિબળો છે જે વેપારને અસર કરે છે. આ અવરોધો દૂર કરવામાં આવશે, અને ICT લાઈસન્સિંગ અને યુએસ ઉત્પાદનો માટેના ધોરણોમાં સુધારો કરવામાં આવશે.

૮. ભવિષ્યના ટેરિફ ફેરફારો માટે સુગમતા : બંને દેશો સંમત થયા છે કે જો કોઈ એક દેશ તેના ટેરિફમાં ફેરફાર કરે છે, તો બીજાને તે મુજબ તેના પોતાના ટેરિફને સમાયોજિત કરવાનો અધિકાર હશે.

૯. આર્થિક સુરક્ષા અને તકનીકી સહયોગ

ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ સપ્લાય-ચેઈન સ્થિતિસ્થાપકતા, રોકાણ તપાસ, નિકાસ નિયંત્રણો અને અન્ય દેશોની વેપાર નીતિઓને સંકલિત રીતે સંબોધવા માટે સાથે મળીને કામ કરશે. બંને દેશો GPU અને ડેટા-સેન્ટર હાર્ડવેર સહિત નવી તકનીકોમાં વેપાર અને સહયોગનો પણ વિસ્તાર કરશે.

૧૦.ભારત $500 બિલિયન ખરીદશે

આ સોદા હેઠળ, ભારત આગામી પાંચ વર્ષમાં યુનાઈટેડ સ્ટેટ્સ પાસેથી આશરે $500 બિલિયનના ઉર્જા ઉત્પાદનો, વિમાન અને તેના ઘટકો, કિંમતી ધાતુઓ, તકનીકી ઉત્પાદનો અને કોકિંગ કોલસાની ખરીદી કરશે. બંને દેશો ફાયદાકારક ડિજિટલ વેપાર નિયમો સ્થાપિત કરશે.

### ચંદ્રબાબુ નાયડુના ગંભીર આરોપ

## તિરુપતિના લાડુમાં ભેળસેળ કરાતી હોવાનો વિવાદ ગરમાયો

### આ મુદ્દે નાયડુએ વિરોધ પક્ષ વાય.એસ.આર. કોંગ્રેસના સર્વેસર્વા જગન મોહન રેડ્ડીની ટીકા કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)તિરુપતિ

તિરુપતિના લાડુમાં ભેળસેળ કરાતી હોવાનો વિવાદ ફરી ગરમાયો છે. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ મંદિરના લાડુ-પ્રસાદમાં વપરાતા ઘીમાં ભેળસેળ અંગે ગંભીર આરોપ મૂક્યો છે. તેમણે દાવો કર્યો કે, ઘીમાં માત્ર નીચી ગુણવત્તા ધરાવતા પદાર્થો જ નહીં, પરંતુ બાથરૂમ સાફ કરવા માટે વપરાતા ટોઈલેટ ક્લિનરનો પણ ઉપયોગ થયો હોઈ શકે છે. ચંદ્રબાબુ નાયડુએ શુક્રવારે કુર્નૂલમાં યોજાયેલા એક જાહેર કાર્યક્રમમાં દાવો કર્યો હતો કે, તિરુપતિ મંદિરના લાડુ બનાવવા માટે વપરાતા ઘીમાં માત્ર નીચી ગુણવત્તા ધરાવતા પદાર્થો જ નહીં, પરંતુ બાથરૂમ સાફ કરવા માટે વપરાતા ટોઈલેટ ક્લિનરનો પણ ઉપયોગ થયો હોઈ શકે છે. શ્રીશૈલમ મંદિરમાં પણ આવી ભેળસેળ થઈ હોય તેવું લાગે છે. આ મુદ્દે નાયડુએ વિરોધ પક્ષ વાય.એસ.આર. કોંગ્રેસના સર્વેસર્વા જગન મોહન રેડ્ડીની ટીકા કરી હતી, કારણ કે અગાઉ પણ જ્યારે લાડુમાં ભેળસેળ થયાના આરોપ લાગ્યા હતા ત્યારે ૨૦૧૯થી ૨૦૨૪ વચ્ચે રાજ્યમાં સરકાર જગન રેડ્ડીની હતી.

આ મુદ્દે રાજકીય વિવાદ વધુ તેજ બન્યો છે. જગન રેડ્ડીએ આ આરોપોને રાજકીય લાભ માટે ઊભા કરવામાં આવેલા ગણાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ઝ્રમ્ૈંની ચાર્જશીટમાં પ્રાણીજ ચરબી મળ્યાનો કોઈ ઉલ્લેખ નથી અને તેમની પાર્ટી સાથે જોડાયેલા કોઈ વ્યક્તિનું નામ પણ સામેલ નથી. ચંદ્રબાબુ નાયડુ ભગવાનને રાજકારણમાં ઘસડી રહ્યા છે. તેઓ, તેમના પુત્ર લોકેશ અને પવન કલ્યાણ સાથે, સ્વાર્થી અને રાજકીય લાભ માટે ભગવાનનો ઉપયોગ કરી રહ્યા છે.

આ પહેલા પણ લાડુના ઘીમાં બીફ ટેલો અથવા લાર્ડ જેવી પ્રાણીજ ચરબી ભેળવવામાં આવી હોવાના આરોપો થયા હતા. જો કે, તપાસમાં પ્રાણીજ ચરબીના કોઈ પુરાવા મળ્યા નથી. તપાસમાં એવો ઉલ્લેખ થયો કે કેટલાક કિસ્સાઓમાં વનસ્પતિ તેલ અને કેટલાક રસાયણિક પદાર્થો સાથે ભેળસેળ થયાની સંભાવના દર્શાવવામાં આવી છે.અગાઉની તપાસમાં જાણવા મળ્યું હતું કે કેટલાક વેપારીઓએ લેક્ટિક એસિડ અને ન્છમ્જીછ (એસિડ સ્લરી) જેવા ઔદ્યોગિક રસાયણો ડેરી ઉત્પાદક કંપનીઓને સપ્લાય કર્યા હતા. LABSA ખાદ્યપદાર્થોમાં વાપરવા માટે બનાવાયેલું નથી; તે માત્ર ઔદ્યોગિક ઉપયોગ માટેનું નોન-ફૂડ ગ્રેડ રસાયણ છે. તેથી, જો આવા રસાયણો ખાદ્ય વસ્તુઓમાં ભળે તો તે માનવ સ્વાસ્થ્ય માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે, એવી ચેતવણી નિષ્ણાતો દ્વારા આપવામાં આવી છે. જે ડેરી ઉત્પાદક કંપનીઓને લેક્ટિક એસિડ અને LABSA સપ્લાય કરવામાં આવ્યા હતા એ જ કંપનીઓ દ્વારા બનાવાયેલા ઘીમાંથી મંદિરના લાડુ બનાવાયા હતા કે કેમ, એની તપાસ ચાલુ છે.

વાય.એસ.આર. કોંગ્રેસ પાર્ટીએ જણાવ્યું છે કે તેઓ આ મામલે સુપ્રીમ કોર્ટ અને માનવ અધિકાર આયોગ સહિતના તમામ કાનૂની વિકલ્પોનો ઉપયોગ કરશે. તેમની દલીલ છે કે સત્તાવાર તપાસના તારણોને ધ્યાનમાં લઈને જ નિર્ણય લેવો જોઈએ અને રાજકીય નિવેદનોના આધારે જનતામાં ભ્રમ ફેલાવવો યોગ્ય નથી.

તિરુપતિ લાડુ વિવાદ ધાર્મિક ભાવનાઓ સાથે જોડાયેલ હોવાથી આ મુદ્દે જનતા અને ભક્તોમાં આક્રોશ અને ચિંતા ફેલાઈ રહી છે. તપાસના અંતિમ પરિણામો અને કોર્ટના નિર્ણય પછી જ સમગ્ર સત્ય સ્પષ્ટ થશે, પરંતુ હાલ ફરી એકવાર આ મુદ્દો રાજકીય અને સામાજિક ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે.

### અસદુદ્દીન ઓવૈસીનું ચૂંટણી રેલીમાં વિવાદિત નિવેદન

## ઓવૈસીએ હિમંતા બિસ્વાને બે રૂપિયા દાનમાં આપવાની વાત કહીને સંબોધ્યા હતા

### ઓવૈસીએ કટાક્ષ કર્યો હતો કે, હિમંત બિસ્વા સરમા, તું કહે છે કે જો ઓટો ડ્રાઈવર મુસ્લિમ હોય તો તેને નક્કી ભાડા કરતા ઓછા પૈસા આપો

(સંપૂર્ણ સમાચાર સેવા)નિઝામાબાદ

AIMIM પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ નિઝામાબાદમાં એક જનસભાને સંબોધતા અસમના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. ઓવૈસીએ સીએમ સરમાના મિયા મુસ્લિમ અને ઓટો ભાડા અંગેના વિવાદિત નિવેદનનો મજાક ઉડાવતા તેમને બે રૂપિયા દાનમાં આપવાની વાત કહીને સંબોધ્યા હતા.

ઓવૈસીએ મંચ પરથી જ કટાક્ષ કર્યો હતો કે, હિમંત બિસ્વા સરમા, તું કહે છે કે જો ઓટો ડ્રાઈવર મુસ્લિમ હોય તો તેને નક્કી ભાડા કરતા ઓછા પૈસા આપો. હું તને આ બે રૂપિયા આપું છું, શું તું લઈશ? શું હું તારા ખાતામાં ટ્રાન્સફર કરી દઉં? બંધારણ પીએમ કે સીએમ દરેકને સમાન અધિકાર આપે છે અને મુખ્યમંત્રી ભેદભાવ કરી રહ્યા છે. આ વિવાદની શરૂઆત હિમંત બિસ્વા સરમાના એ નિવેદનથી થઈ હતી, જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે અસમના મિયા મુસ્લિમ(બંગાળી મૂળના મુસ્લિમો) પોતાની દુકાનો પર સામાન અને ઓટો-રિક્ષાના ભાડામાં ઘટાડો કરીને લોકોને આકર્ષે છે. સરમાએ તેને એક ષડયંત્રનો ભાગ ગણાવ્યો હતો.

ઓવૈસીએ આ વાતનો જવાબ આપતા રેલીમાં કહ્યું કે, અસમનો મુખ્યમંત્રી કહી રહ્યો છે કે જો મિયા મુસ્લિમ ઓટોનું ભાડું ૫ રૂપિયાને બદલે ૪ રૂપિયા લે, તો તેને પૈસા ઓછા આપો. હિમંત બિસ્વા સરમા, હું તને આ ૨ રૂપિયા દાનમાં આપું છું તો શું તું લઈશ?ઓવૈસીએ વધુમાં આકરા પ્રહારો કરતા કહ્યું કે, તું એટલો નાનો માણસ છે કે એક રિક્ષાચલાવનાર ગરીબના ૪-૫ રૂપિયા પાછળ પડ્યો છે.

ઓવૈસીએ કહ્યું કે મુખ્યમંત્રી જેવા પદ પર બેઠેલી વ્યક્તિ જ્યારે ગરીબ રિક્ષાચાલકોની કમાણી પર આવી ટિપ્પણી કરે, ત્યારે તે તેમની હીન માનસિકતા દર્શાવે છે. ઓવૈસીએ સ્પષ્ટ કર્યું કે તેઓ પોતાની કોમ વિરુદ્ધ થતું કોઈપણ અપમાન સહન નહીં કરે. હાલમાં ઓવૈસીના આ આક્રમક અંદાજનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યો છે.

## હાઈકોર્ટે બે સગીર બાળકોની કસ્ટડી તેમની માતાને સોંપી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે બાળકોની કસ્ટડીના એક મહત્ત્વપૂર્ણ કેસમાં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટના ચુકાદાને રદબાતલ ઠેરવ્યો છે. હાઈકોર્ટે બે સગીર બાળકોની કસ્ટડી તેમની માતાને સોંપી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું કે હાઈકોર્ટે બાલ કલ્યાણના સિદ્ધાંતને સમજવામાં ભૂલ કરી છે અને બાળકોની ઈચ્છા તેમજ આસપાસની પરિસ્થિતિઓને નજરઅંદાજ કરી છે. જસ્ટિસ પંકજ મિત્તલ અને જસ્ટિસ એસ.વી.એન. ભટ્ટીની બેન્ચે આ મામલાને ફરીથી વિચારણા માટે હાઈકોર્ટમાં મોકલી આપ્યો છે અને ૪ મહિનામાં નવો નિર્ણય લેવા આદેશ કર્યો છે.

બાળકોએ પિતા સાથે રહેવાની ઈચ્છા વ્યક્ત કરી જસ્ટિસ પંકજ મિત્તલ અને જસ્ટિસ એસ.વી.એન. ભટ્ટીની બેન્ચે નોંધ્યું કે, કાઉન્સેલિંગ રિપોર્ટ મુજબ બંને બાળકોએ તેમના પિતા સાથે જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જોકે બાળકોનો જન્મ કતારમાં થયો હતો અને ત્યાંની યાદો બહુ ઓછી હતી, તેમ છતાં તેઓ પિતા સાથે રહેવા અને ફરવા માટે વધુ ઉત્સાહિત હતા.

આ કિસ્સો કતારમાં જન્મેલા અને ઉછરેલા બે સગીર છોકરાઓનો છે. તેમના માતા-પિતા ભારતીય નાગરિક છે અને પિતા કતારમાં એન્જિનિયર છે. ૨૦૧૫માં શ્રીનગરમાં તેમના લગ્ન થયા હતા. પરંતુ પતિ-પત્ની વચ્ચે વિવાદ થતા કતારની કોર્ટે કસ્ટડી માતાને સોંપી હતી અને પિતાને ગાર્ડિયન(અભિભાવક) રાખ્યા હતા.

વિવાદ ત્યારે વકર્યો જ્યારે માતા બાળકોના પિતાની સંમતિ કે કતારની કોર્ટની પરવાનગી વગર જ બાળકોને ચાલુ સ્કૂલે શ્રીનગર લઈ આવી. આ પછી મામલો ભારતની કોર્ટમાં પહોંચ્યો. શ્રીનગરની ફેમિલી કોર્ટે કસ્ટડી પિતાને સોંપી હતી, પણ હાઈકોર્ટે તે નિર્ણય ઉલટાવી ફરી માતાને કસ્ટડી આપી દીધી હતી. કોર્ટે જોયું કે બાળકો માત્ર અંગ્રેજી બોલે છે, જેના કારણે તેમને શ્રીનગરમાં સ્થાનિક બાળકો સાથે વાતચીત કરવામાં તકલીફ પડે છે. જ્યારે બાળકોને પૂછવામાં આવ્યું કે કતારમાં તેમની સંભાળ કોણ રાખશે, ત્યારે મોટા દીકરા આત્મવિશ્વાસ સાથે કહ્યું કે પિતાની હાજરી જ પૂરતી છે. નાનો દીકરો પણ પિતા સાથે જવા માટે ખૂબ જ આતુર હતો અને માતા વગર રહેવા માટે તૈયાર જણાતો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, કસ્ટડી નક્કી કરવામાં માત્ર બાળકનું કલ્યાણ જ નહીં, પણ માતા-પિતાનું વર્તન, બાળકોનું શિક્ષણ, આર્થિક ક્ષમતા અને જૂના કોર્ટ ઓર્ડર પણ મહત્ત્વના છે. હાઈકોર્ટ એ જોવામાં નિષ્ફળ રહી કે માતાએ ચાલુ અભ્યાસે બાળકોને કતારથી ભારત લાવીને ભૂલ કરી છે અને કતારની કોર્ટના આદેશોનું પણ ઉલ્લંઘન કર્યું છે. આ તમામ પાસાઓને ધ્યાને રાખીને સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો જૂનો આદેશ રદ કર્યો છે.

### નક્કી મર્યાદા કરતાં પણ PM 2.5નું લેવલ ત્રણ ગણું વધારે

## ભારતના ટોપ-૧૦ પ્રદૂષિત શહેરોમાં ગાઝિયાબાદ ટોચે

### ગાઝિયાબાદ બાદ દિલ્હી, નોઈડા, ગુરુગ્રામ અને ગ્રેટર નોઈડા દેશના સૌથી પ્રદૂષિત શહેરોમાં મોખરે રહ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરમાં જાન્યુઆરી મહિનામાં શિયાળા દરમિયાન પણ વાયુ પ્રદૂષણનું સંકટ યથાવત રહ્યું છે, ખાસ કરીને દિલ્હી-NCRના વિસ્તારોમાં સ્થિતિ વધુ કફોડી બની છે. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (CREA) ના રિપોર્ટ અનુસાર, દેશના લગભગ અડધા દેખરેખ હેઠળના શહેરોમાં PM2.5 નું સ્તર રાષ્ટ્રીય સુરક્ષા ધોરણો કરતા ઘણું વધારે નોંધાયું છે.

CREA ના રિપોર્ટ મુજબ, જાન્યુઆરીમાં ગાઝિયાબાદ દેશનું સૌથી પ્રદૂષિત શહેર રહ્યું હતું. અહીં PM2.5 સ્તર ૧૮૪ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર નોંધાયું હતું, જે રાષ્ટ્રીય મર્યાદા કરતા ત્રણ ગણું વધારે છે. ગાઝિયાબાદ બાદ દિલ્હી, નોઈડા, ગુરુગ્રામ અને ગ્રેટર નોઈડા દેશના સૌથી પ્રદૂષિત શહેરોમાં મોખરે રહ્યા હતા. દિલ્હીમાં જાન્યુઆરી મહિનામાં ૨૭ દિવસ સુધી હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ અથવા ગંભીર કેટેગરીમાં રહી હતી.

પ્રદૂષણના મામલે ટોપ-૧૦ શહેરોમાં ધારુહેડા છઠ્ઠા સ્થાને રહ્યું, જ્યારે સિંગરૌલી, ભિવાડી, નારનોલ અને ગંગટોકનો પણ આ યાદીમાં સમાવેશ થયો છે. આમાંથી છ શહેરો ઉત્તર પ્રદેશ અને હરિયાણાના છે. નોંધનીય છે કે, સર્વેક્ષણ કરાયેલા ૨૪૮ શહેરોમાંથી એક પણ શહેર વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના સુરક્ષિત ધોરણો પર ખરું ઉતર્યું નથી. રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ (NCAP) હેઠળના ૯૭ શહેરોમાંથી ૪૬ શહેરોએ ધોરણોનું ઉલ્લંઘન કર્યું છે.

રાજ્યોની વાત કરીએ તો, પ્રદૂષણના નિયમોના ઉલ્લંઘનમાં રાજસ્થાન સૌથી ઉપર રહ્યું છે, જ્યાં ૩૪ માંથી ૨૩ શહેરોમાં પ્રદૂષણનું પ્રમાણ વધુ હતું. ત્યારબાદ હરિયાણા, બિહાર, ઓડિશા અને ઉત્તર પ્રદેશનો ક્રમ આવે છે.

દેશભરના માત્ર ૨૧ શહેરોમાં હવાની ગુણવત્તા સારી રહી છે.

મધ્યપ્રદેશનું દમોહ દેશનું સૌથી સ્વચ્છ શહેર રહ્યું છે, જ્યાં સરેરાશ PM2.5 સ્તર માત્ર ૧૭ માઈક્રોગ્રામ નોંધાયું હતું. સૌથી સ્વચ્છ ૧૦ શહેરોમાંથી પાંચ શહેરો કર્ણાટકના છે. મહાનગરોમાં દિલ્હી અને કોલકાતામાં પ્રદૂષણ વધારે રહ્યું, જ્યારે ચેન્નાઈ, મુંબઈ અને બેંગલુરુમાં સ્થિતિ નિયંત્રણમાં જોવા મળી હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### આરોગ્ય સુવિધા અને પોષણ પાછળ

# કરોડોનો ખર્ચ છતાં નવજાત શિશુ-બાળકનો મૃત્યુ દર ઊંચો

### રાજ્યમાં દર હજાર બાળકોએ જન્મ થયા બાદ મૃત્યુ પામતા નવજાત બાળકોનો દર ૨૦ છે જ્યારે પાંચ વર્ષ સુધીના બાળકોનો મૃત્યુ દર ૨૩નો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં આરોગ્ય સુવિધાઓ અને પોષણ પાછળ સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરાય છે છતાં નવજાત શિશુ અને પાંચ વર્ષ સુધીના બાળકોના મૃત્યુનું પ્રમાણ હજુ ઊંચું છે. રાજ્યમાં દર હજાર બાળકોએ જન્મ થયા બાદ મૃત્યુ પામતા નવજાત બાળકોનો દર ૨૦ છે જ્યારે પાંચ વર્ષ સુધીના બાળકોનો મૃત્યુ દર ૨૩નો છે.

ગુજરાત કરતા અનેક રાજ્ય એવા છે જ્યાં આ દર પ્રમાણમાં ઓછો છે. ગુજરાત વિવિધ સુવિધા અને સમૃદ્ધિમાં દેશના મોખરાના રાજ્યમાં ગણાય છે તેમ છતાં બાળકોના મૃત્યુ દરમાં નહિવત્ ઘટાડા દર સરકાર લાવી શકી નથી. ગર્ભવતી મહિલાઓનું સ્વાસ્થ્ય સારું રહે અને તેમને જે બાળક જન્મે તે પણ તંદુરસ્ત રહે તે માટે કરોડોની યોજનાઓ અમલમાં છે. બાળક આંગણવાડીમાં જતું થાય ત્યાં સુધી તેને સરકાર તરફથી તેને પોષક તત્વો મળે તેવું ભોજન અપાય છે.

લોકસભામાં રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયાના વર્ષ ૨૦૨૩ના છેલ્લા સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમને ટાંકીને આરોગ્ય મંત્રાલયે આપેલી માહિતી મુજબ ગુજરાત સહિત અનેક રાજ્યોએ બાળકોનો મૃત્યુ દર ઘટાડવાના મામલાને ગંભીરતાથી લેવાની જરૂર હોવાના આંકડા રજૂ થયા છે. જેમાં બાળકનો જન્મ થાય ત્યારે સ્પેશિઆલિસ્ટ તબીબ અને બાળકોને જરૂર પડે ત્યારે નજીકમાં ઉત્તમ તબીબી સારવાર મળી રહે તેની જરૂરિયાતનો પણ સમાવેશ થયો છે.

ગુજરાતમાં નવજાત બાળકોનો મૃત્યુ દર ૨૦ જે રાષ્ટ્રીય સરેરાશ ૨૫થી થોડો ઓછો છે જ્યારે પાંચ વર્ષ સુધીના બાળકોનો મૃત્યુ દર ૨૩ છે તે પણ રાષ્ટ્રીય સરેરાશ ૨૯ની નજીક છે. ગુજરાતની સરખામણીમાં નવજાત બાળકોનો ઓછો મૃત્યુ દર હોય તેવા મોટા રાજ્યમાં કેરળમાં ફક્ત ૫ નો મૃત્યુ દર છે. તો ચંદીગઢ, દિલ્હી, સિક્કીમ, પંજાબ, તમિલનાડુ સહિત અનેક એવા રાજ્ય પણ ઓછો મૃત્યુ દર ધરાવે છે.

### વાંકાનેરમાં પોલીસ પર હુમલાનો મામલો

# વાંકાનેરમાં ચેકિંગ દરમિયાન PSIને કાર સાથે ઢસડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વાંકાનેર

વાંકાનેરમાં PSI પર હુમલો કરવાની ઘટનામાં પોલીસે બે આરોપીને ઝડપી લીધા છે. રાત્રિના સમયે વાહન ચેકિંગ દરમિયાન પોલીસ પર કાર ચઢાવવાનો પ્રયાસ કર્યો હતો.

વાંકાનેર સીટી પોલીસ મથકની ટીમ જ્યારે રાત્રિના સમયે વાહન ચેકિંગની કામગીરી કરી રહી હતી, ત્યારે આ હિંસક ઘટના બની હતી. ફરજ પર તૈનાત PSI એ.પી. મેવાડાએ એક શંકાસ્પદ કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કાર ચાલકે કાયદાનો ડર રાખ્યા વિના વાહન ભગાડ્યું હતું.મળતી માહિતી મુજબ, PSI મેવાડા નાઈટ પેટ્રોલિંગમાં હતા ત્યારે GJ ૧૩ NN ૬૯૧૯ નંબરની કાર ત્યાંથી પસાર થઈ હતી. પોલીસ અધિકારીએ કાર રોકવા જતાં આરોપીઓએ કાર ઉભી રાખવાને બદલે પૂરઝડપે હંકારી મૂકી હતી. આ દરમિયાન PSI કાર સાથે અથડાયા હતા અને કાર ચાલકે તેમને લાંબે સુધી ઢસડ્યા હતા.આ હુમલામાં PSI મેવાડાને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. PSI એ.પી. મેવાડાએ પોતે આ મામલે વાંકાનેર સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ત્રણ શખ્સો વિરુદ્ધ ફરજમાં રૂકાવટ અને જીવલેણ હુમલાની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. સુનિલ ઉનેચા (ધરપકડ),નયન ઝખવાડીયા (ધરપકડ),મયંક વાલાણી (તપાસ ચાલુ) પોલીસે અત્યાર સુધીમાં બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને અન્ય એકની શોધખોળ હાથ ધરી છે. આ ઘટનાને પગલે પોલીસ વિભાગમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આરોપીઓ સામે કડક કાયદાકીય પગલાં ભરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

### બગસરાના મોટા મુંજિયાસર ગામે સિમેન્ટનો ચૂલો ઝીંકી પિતાની હત્યા

# ચા નહીં બનાવવા દેતા પિતાને પુત્રે માતાની ઉશ્કેરણીથી પતાવી દીધા

### સમગ્ર મામલે મૃતકની પુત્રી અસ્મિતાબેને પોતાના જ સગા ભાઈ અને માતા વિરુદ્ધ બગસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના મોટા મુંજિયાસર ગામે પારિવારિક કલહમાં પુત્રએ પિતાની ક્રૂરતાપૂર્વક હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. ખેતમજૂરી કરતા પરિવારમાં ચા બનાવવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતું. આ વિવાદમાં પુત્રએ પોતાની માતાની ઉશ્કેરણીથી પિતા પર હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓના કારણે પિતાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે જ્યારે વચ્ચે પડનારી પુત્રીને પણ ઈજાઓ પહોંચી છે.મૂળ દાહોદ જિલ્લાના અને હાલ મુંજિયાસર ગામે ખેતમજૂરી કરતા રમણભાઈ કટારા તેમની પત્ની સીતાબેનને ચા બનાવવા દેતા નહોતા. રમણભાઈ દર વખતે ચા બનાવતા રોકતા હતા.આ બાબતે ઉશ્કેરાયેલી પત્નીએ પોતાના પુત્ર સુરેશ મછારને બોલાવી પિતાને માર મારવા માટે ઉકસાવ્યો હતો. માતાના કહેવાથી આવેશમાં આવેલા સુરેશે પિતા પર લાકડાના ફટકા વડે હુમલો કર્યો હતો. ઝઘડો વધતા સુરેશે પિતાના માથાના ભાગે સિમેન્ટનો આખો ચૂલો ઉપાડીને માર્યો હતો જેના કારણે ૪૬ વર્ષીય રમણભાઈનું મોત થયું હતું.આ સમગ્ર મામલે મૃતકની પુત્રી અસ્મિતાબેને પોતાના જ સગા ભાઈ અને માતા વિરુદ્ધ બગસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે. પોલીસે મુખ્ય આરોપી સુરેશ અને તેને મદદ કરનાર માતા સીતાબેન વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### સોના-ચાંદીમાં ઉથલપાથલ વચ્ચે

# બાબા વેંગાની ભવિષ્યવાણી દુનિયાભરમાં ચર્ચાનો વિષય

### બાબા વેંગાએ એવા ભવિષ્યની ચેતવણી આપી હતી જ્યાં કાગળનું ચલણ તેની પૂરેપૂરી કિંમત ગુમાવી દેશે, જેના કારણે વિશ્વભરમાં રોકડની અછત સર્જાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બાબા વેંગાનું નામ ફરી એકવાર સોશિયલ મીડિયા અને સમાચારોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. એવું માનવામાં આવે છે કે બલ્ગેરિયાના આ ભવિષ્યવક્તાએ વિશ્વની મોટી ઘટનાઓની અગાઉથી આગાહી કરી હતી. અત્યારે જ્યારે દુનિયા મોંઘવારી, ચલણમાં ઉતાર-ચઢાવ અને ધીમા આર્થિક વિકાસ સાથે ઝઝૂમી રહી છે, ત્યારે 'કેશ ક્રાઈસીસ' (રોકડ સંકટ) અંગેની તેમની કથિત ભવિષ્યવાણીએ એક નવી ચર્ચા જગાવી છે.બાબાની ભવિષ્યવાણીઓ મુજબ, બાબા વેંગાએ એવા ભવિષ્યની ચેતવણી આપી હતી જ્યાં કાગળનું ચલણ તેની પૂરેપૂરી કિંમત ગુમાવી દેશે, જેના કારણે વિશ્વભરમાં રોકડની અછત સર્જાશે. આવી સ્થિતિમાં, લોકોને બેંકોમાં રાખેલા પૈસા અથવા ફિઝિકલ નોટો પર વિશ્વાસ કરવો મુશ્કેલ લાગશે. તેના બદલે સોનું, ચાંદી અને તાંબુ જેવી નક્કર સંપત્તિઓને સંપત્તિનો સૌથી સુરક્ષિત ભંડાર માનવામાં આવશે.છેલ્લા કેટલાક સમયમાં વૈશ્વિક બજારોમાં કિંમતી ધાતુઓના ભાવમાં ભારે તેજી જોવા મળી છે. ભારતમાં MCX પર સોનું ૧.૮૦ લાખ પ્રતિ ૧૦ ગ્રામની નજીક પહોંચી ગયું હતું, જ્યારે ચાંદીનો ભાવ ૪,૦૦,૦૦૦ પ્રતિ કિલોગ્રામને પાર કરી ગયો હતો. આવો ઉછાળો અગાઉ ક્યારેય જોવા મળ્યો નહોતો, જેનાથી રોકાણકારોને મોટું વળતર મળ્યું હતું.જ્યારે અપેક્ષાઓ ટોચ પર હતી, ત્યારે જ બજારમાં જોરદાર કડાકો જોવા મળ્યો. ૩૦ જાન્યુઆરીના રોજ સોના અને ચાંદીના ભાવમાં ભારે ઘટાડો થયો અને આ ઘટાડો સતત ત્રણ દિવસ સુધી ચાલુ રહ્યો. ગભરાટમાં આવીને લોકોએ વેચાણ શરૂ કરી દીધું, ખાસ કરીને ડિજિટલ અને પેપર ગોલ્ડમાં વધુ વેચવાલી જોવા મળી. જોકે, અનુભવી બજાર નિષ્ણાતોએ આ ઘટાડાને 'ક્રેશ' ને બદલે 'હેલ્ધી કરેક્શન' (સ્વસ્થ સુધારો) તરીકે જોયો હતો.

### RJDની કમાન સંભાળતા જ તેજસ્વીનું દર્દ છલકાયું

# મારી મૂછ પણ નહોતી આવી ત્યારે કેસ કરી દીધા

### સત્તામાં બેઠેલા લોકો વિપક્ષને ખતમ કરવાની કોશિશ કરી રહ્યા છે અને તેમના પર હુમલા કરવામાં આવી રહ્યા છે : તેજસ્વી

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

તેજસ્વી યાદવે શનિવારે(૭ ફેબ્રુઆરી, ૨૦૨૬) પટનામાં રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના કાર્યકારી પ્રમુખ તરીકે ઔપચારિક રીતે પદ સંભાળ્યું છે. પાર્ટી કાર્યાલયમાં પોતાના સંબોધનમાં તેજસ્વી યાદવે રાજકીય હુમલાઓ, સંગઠનાત્મક વિસ્તરણ, NDA સરકાર સામેના આરોપો અને RJDના ભવિષ્ય અંગે અનેક મહત્ત્વપૂર્ણ નિવેદનો આપ્યા. RJDની કમાન સંભાળતા તેજસ્વીનું દર્દ છલકાયું હતું. કાર્યક્રમમાં હાજર પાર્ટી નેતાઓ અને કાર્યકરોને સંબોધતા તેજસ્વીએ ભાવુક અંદાજમાં કહ્યું કે, "મારી મૂછ પણ નહોતી આવી ત્યારે કેસ કરી દીધા..., RJDને નવી ઉર્જા અને સંકલ્પ સાથે આગળ વધારવાનો સમય આવી ગયો છે અને તેનું નેતૃત્વ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છું. "

તેજસ્વી યાદવે તેની રાજકિય સફર વિશે જણાવ્યું કે, "મારા વિરૂદ્ધ સતત ષડયંત્ર રચવામાં આવ્યું. આમ, જ્યારે મારી મૂછ પણ નહોતી આવી ત્યારે CBI અને EDના કેસ કરવામાં આવ્યા. અમારી તો ભ્રૂણ હત્યા કરવામાં આવી રહી છે. મારો વાંક બસ એટલો હતો કે, વર્ષ ૨૦૧૭માં નીતિશ કુમાર ભાજપની સાથ જવા માંગતા હતા. સત્તામાં બેઠેલા લોકો વિપક્ષને ખતમ કરવાની કોશિશ કરી રહ્યા છે અને તેમના પર હુમલા કરવામાં આવી રહ્યા છે."

તેજસ્વી યાદવે સ્પષ્ટપણે કહ્યું કે,'કાર્યકારી પ્રમુખ બનવાનું મારા માટે ફક્ત એક પદ નહીં પરંતુ એક જવાબદારી છે. લાલુ પ્રસાદનું સ્વપ્ન પૂરું કરવાનું છે. બૂથ સ્તર સુધી સંગઠનને મજબૂત બનાવવું પડશે. મારું સ્વપ્ન ઈલ્હને ફરીથી રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો મળે.' તેમણે જાહેરાત કરી કે, હોળી પછી તેઓ સમગ્ર બિહારમાં પ્રવાસ કરશે અને પાયાના સ્તરે સંગઠનને મજબૂત બનાવશે.

તેજસ્વીએ પોતાના શપથ ગ્રહણ ભાષણમાં NDA પર આકરા પ્રહારો કરતા કહ્યું, "NDA સરકાર ભયનો માહોલ સ્થાપિત કરવા માગે છે.

આજે લોકશાહી અને બંધારણને ખતમ કરવામાં આવી રહ્યું છે. વિપક્ષને દબાવવા અને બદનામ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. બિહાર ચૂંટણીમાં લોકો હારી ગયા અને સિસ્ટમ જીતી ગઈ. પરંતુ અમે ડરીશું નહીં કે ઝૂકીશું નહીં."

તેજસ્વીએ મુખ્યમંત્રી નીતિશ કુમાર પર પ્રહાર કરતાં કહ્યું કે, "નીતિશ કુમાર ફક્ત અધિકારીઓના મુખ્યમંત્રી રહેશે. તેઓ નેતા બની શકતા નથી. જો બિહારમાં કોઈ નેતા છે, તો તે લાલુ પ્રસાદ છે. NDA નેતાઓનું એકમાત્ર કામ "લાલુ પ્રસાદ અને તેજસ્વીનો ૨૪ કલાક દુરુપયોગ કરવાનું છે."

### તંત્રની આંખમાં ધૂળ ઝોંકી લાખોની જમીન પચાવી

# છોટાઉદેપુરમાં કાકાએ ભત્રીજા સાથે કર્યો દગો

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના સજોડ ગામે માનવતા અને કાયદાને શરમાવે તેવી એક ઘટના સામે આવી છે. અહીં એક શખસે પોતાના સગા મૃતક ભાઈની જમીન હડપવા માટે માત્ર કૌટુંબિક વિશ્વાસઘાત જ નથી કર્યો, પરંતુ સરકારી તંત્રની આંખમાં ધૂળ નાખીને આખું નકલી દસ્તાવેજી નેટવર્ક ઊભું કર્યું છે. પત્ની અને પુત્ર હયાત હોવા છતાં મૃતક ભાઈને 'નિસંતાન અને અપરિણિત' દર્શાવી સરકારી રેકોર્ડમાં છેતરપિંડી આચરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, સજોડ ગામે મૃતક બલા છગન રાઠવાના ભાઈ સબૂર છગન રાઠવા પર આ ગંભીર આરોપ લાગ્યા છે. ભાઈના અવસાન બાદ જમીન મેળવવાની લાલચમાં સબૂરે પંચાયત અને મહેસૂલ વિભાગના નામે નકલી કાગળો તૈયાર કર્યા હતા. સબૂર છગન રાઠવાએ મૃતક ભાઈને કાગળ પર અપરિણિત અને નિસંતાન જાહેર કર્યા હતા. આ ઉપરાંત તલાટીની ખોટી સહી અને ગ્રામ પંચાયતના નકલી સિક્કાનો ઉપયોગ કર્યો હતો. પેઢીનામામાં સાક્ષીઓના ખોટા ફોટા અને બોગસ સહીઓ કરી સરકારી પ્રક્રિયાને ગેરમાર્ગે દોરી હતી. આ નકલી દસ્તાવેજોના આધારે ૭/૧૨ અને ૮-૭ માં પણ પોતાના નામની એન્ટ્રી પડાવી દીધી હતી.

આ મામલે જ્યારે સજોડ ગ્રામ પંચાયતના તલાટીનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તલાટીએ સ્પષ્ટપણે સ્વીકાર્યુ કે પંચાયતના રેકોર્ડ પર રજૂ થયેલા તમામ દસ્તાવેજો બોગસ છે. દસ્તાવેજોમાં કરવામાં આવેલી તલાટીની સહી પણ નકલી છે, જે સૂચવે છે કે આ કોઈ મોટા રેકેટનો ભાગ હોઈ શકે છે.

આ ઘટનાએ સરકારી કચેરીઓની કાર્યપદ્ધતિ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે, નકલી સહી-સિક્કાવાળા કાગળો મહેસૂલ કચેરીમાં સ્વીકારાયા કેવી રીતે? વારસાઈ નોંધ કરતી વખતે હકદાર વારસદારોની ખરાઈ કેમ ન કરવામાં આવી? શું આ કૌભાંડમાં કચેરીના કોઈ કર્મચારીની મિલીભગત છે?

મૃતકનો પુત્ર, જે કાગળ પર પોતાના પિતાનો વારસદાર જ રહ્યો નથી, તે આજે ન્યાય માટે દર-દર ભટકી રહ્યો છે. તેણે તમામ નકલી દસ્તાવેજો સાથે પ્રાંત અધિકારીને રજૂઆત કરી છે. પીડિતની માંગ છે કે જમીન પરથી ખોટું નામ કમી કરવામાં આવે અને નકલી દસ્તાવેજ બનાવનાર કાકા તેમજ તેમાં મદદગાર અન્ય લોકો સામે ફોજદારી ગુનો દાખલ કરવામાં આવે. જો કે, પ્રાંત અધિકારીએ આ મામલે યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

### વનવિભાગ સામે વન્યજીવ પ્રેમીઓમાં રોષ

# લીલીયાના કણકોટ ગામે ખુલ્લા કૂવામાં ખાબકતા સિંહનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

એશિયાટિક સિંહોના ગઢ ગણાતા અમરેલી જિલ્લામાં ફરી એકવાર સિંહના અકાળે મોતે વન્યજીવ પ્રેમીઓમાં ચિંતા વ્યાપી છે. લીલીયા તાલુકાના કણકોટ ગામે એક ખુલ્લા કૂવામાં પડી જવાથી અંદાજે બે થી અઢી વર્ષના સિંહનું મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે વનવિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

મળતી માહિતી અનુસાર,લીલીયાના કણકોટ ગામના વાડી વિસ્તારમાં સિંહ વિચરણ કરી રહ્યો હતો, આ દરમિયાન અંધારામાં અથવા શિકારની પાછળ દોડતી વખતે સિંહ ખુલ્લા કૂવામાં ખાબક્યો હતો. કૂવામાં પાણી હોવાને કારણે ડૂબી જવાથી સિંહેનું મોત થયું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે. આ ઘટનાને પગલે વનવિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સિંહના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી, પોસ્ટમોર્ટમ માટે ક્રાંકચ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો છે.

લીલીયા પંથકમાં વન્ય પ્રાણીઓના મોતની આ પહેલી ઘટના નથી. સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે કારણ કે, તાજેતરમાં જ આ વિસ્તારમાં એક માદા સિંહણનું ઈલેક્ટ્રિક શોક લાગવાથી મોત થયું હતું.

### કરોડો રૂપિયાના ઈનામની કરી જાહેરાત

# U-19 વર્લ્ડ કપ ફાઈનલ જીતનાર ઈન્ડિયા પર BCCIએ કર્યો રૂપિયાનો વરસાદ

### ફાઈનલમાં ઈંગ્લેન્ડને ૧૦૦ રને હરાવીને ટીમ ઈન્ડિયાએ છઠ્ઠી વાર વર્લ્ડ કપનો ખિતાબ પોતાના નામે કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અંડર ૧૯ વર્લ્ડ કપની ફાઈનલમાં ઈંગ્લેન્ડને ૧૦૦ રને હરાવીને ટીમ ઈન્ડિયાએ છઠ્ઠી વાર વર્લ્ડ કપનો ખિતાબ પોતાના નામે કર્યો. વર્લ્ડ કપનો ખિતાબ જીતનાર ટીમ માટે બીસીસીઆઈએ પોતાનો ખજાનો ખોલી દીધો છે. બોર્ડે ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ અને સિલેક્શન કમિટી માટે કુલ ૭.૫ કરોડ રૂપિયાની ઈનામી રકમની જાહેરાત કરી છે. આ જાણકારી બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સૈકિયાએ આપી છે. BCCIની ગણતરી દુનિયાની સૌથી અમીર બોર્ડમાં થાય છે, તેણે પોતાના ઉભરતા સ્ટાર્સ માટે ઈનામની જાહેરાત કરી છે.

BCCI સચિવ દેવજીત સૈકિયાએ માહિતી આપી છે કે, ઝિમ્બાબ્વે અને નામીબિયામાં અંડર-૧૯ વર્લ્ડ કપ જીતનારી ભારતીય ટીમને ૭.૫ કરોડ રૂપિયાનું કેશ ઈનામ આપવામાં આવશે. ખેલાડીઓ, ટેકનિકલ સ્ટાફ અને પસંદગી સમિતિ વચ્ચે આ રકમ કેવી રીતે વહેંચાશે તેના પર કામ ચાલી રહ્યું છે, પણ કુલ ઈનામ ૭.૫ કરોડ રૂપિયા જ રહેશે. આખી ટૂર્નામેન્ટ દરમિયાન ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે.

૧૪ વર્ષના વૈભવ સુર્યવંશીએ ઈંગ્લેન્ડ સામે ફાઈનલ મેચમાં માત્ર ૮૦ બોલમાં ૧૭૫ રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી હતી. તેમની આ ઈનિંગ્સના કારણે ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગ કરી અને ૯ વિકેટે ૪૧૧ રન બનાવ્યા હતા, જેના કારણે ઈંગ્લેન્ડને સરળતાથી હરાવી દીધું. વૈભવે પોતાની ઈનિંગ્સ દરમિયાન ૧૫ છગ્ગા અને ૧૫ ચોગ્ગા ફટકાર્યા હતા.

તેમને આ શાનદાર પ્રદર્શન બદલ 'પ્લેયર ઓફ ધ મેચ' અને 'પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ'નો એવોર્ડ પણ મળ્યો હતો. એવોર્ડ મળ્યા પછી સુર્યવંશીએ કહ્યું કે ટીમે ફાઈનલમાં કોઈ પણ પ્રકારનો અનાવશ્યક દબાણ ન લેવાનો નિર્ણય કર્યો હતો અને આ વિચારથી જ ટ્રોફી જીતવામાં મોટી મદદ મળી.

તમને જણાવી દઈએ કે વર્લ્ડ કપ જીત્યા પછી સામાન્ય રીતે ICC પણ ટીમને ઈનામ આપે છે. પણ અંડર-૧૯ વર્લ્ડ કપમાં એવું થયું નહીં. ટીમ ઈન્ડિયાને આ વિજય માટે ICC તરફથી કોઈ ઈનામ મળ્યું નહીં અને ખેલાડીઓ ફક્ત મેડલ લઈને પરત ફર્યા. હકીકતમાં, અંડર-૧૯ લેવલે ICC કોઈ પ્રકારનું ઈનામ આપતું નથી, કારણ કે આ ટૂર્નામેન્ટ યુવા ખેલાડીઓના વિકાસ માટે રમાય છે. આ કારણસર ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને આ મેચમાં ICC તરફથી કોઈ ઈનામ મળ્યું નથી.

### નમાજ પઢાવવાના બહાને મસ્જિદના ધાબે લઈ ગયો

# અમદાવાદમાં નમાજના નામે સાત વર્ષના બાળક પર સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

### પોલીસે આરોપી સામે ગુનો નોંધીને કરી ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ગાયકવાડ હવેલી વિસ્તારમાં માનવતાને શર્મસાર કરતી અને કાળજું ધ્રુજાવી દે તેવી ઘટના સામે આવી છે. શુક્રવારની પવિત્ર જુમ્મા નમાઝ પઢવા ગયેલા ૭ વર્ષના માસૂમ બાળકને નમાઝ શીખવાડવાના બહાને લલચાવી ફોસલાવી મસ્જિદના ધાબા પર લઈ જઈ તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ૨૧ વર્ષીય આરોપી નૌમાન શેખની ધરપકડ કરી લીધી છે. ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પીઆઈ ચિરાગ ગોસાઈએ જણાવ્યું કે, અમદાવાદનો ગાયકવાડ હવેલી વિસ્તાર અને મકદુમસાબ નામની મસ્જિદ આવેલી છે. શુક્રવારનો પવિત્ર દિવસ હતો અને ૭ વર્ષનો માસુમ બાળક જુમ્માની નમાઝ પઢવા માટે મસ્જિદમાં આવ્યો હતો. પરંતુ ત્યાં હાજર ૨૧ વર્ષીય નૌમાન સબિર શેખની દાનત બગડી હતી. નૌમાને માસૂમ બાળકને નમાઝ કઈ રીતે પઢવી તે શીખવાડું છું તેમ કહીને લલચાવ્યો હતો અને મસ્જિદના ધાબા પર લઈ ગયો. પાક જગ્યા પર આ નરાધમે માસૂમ સાથે નાપાક હરકત કરી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું.

સીસીટીવી ફૂટેજમાં કેદ થયેલા દ્રશ્યો મુજબ, આરોપી નૌમાન અને બાળક અંદાજે ૧૫ થી ૨૦ મિનિટ સુધી ધાબા પર રહ્યા હતા. ફૂટેજમાં જોઈ શકાય છે કે પહેલા બાળક ગભરાયેલી હાલતમાં ધાબા પરથી નીચે ઉતરે છે અને તેની પાછળ પાછળ આરોપી નૌમાન પણ નીચે આવે છે. પોતે નમાઝ પઢવાને બદલે આ શખ્સે બાળક સાથે હેવાનિયત આચરી હતી. હાલમાં આ માસુમ બાળકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. માસુમ બાળકની હાલત જોઈ પરિવારે પૂછપરછ કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો, ત્યારબાદ તાત્કાલિક ગાયકવાડ હવેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ ૨૧ વર્ષીય આરોપી નૌમાન સબિર શેખની ધરપકડ કરી લીધી છે. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આરોપી અગાઉ આ જ વિસ્તારમાં રહેતો હતો અને તેની વિરુદ્ધ અગાઉ મારામારીનો ગુનો પણ નોંધાઈ ચુક્યો છે. ગાયકવાડ હવેલી પોલીસે સીસીટીવી અને મેડિકલ પુરાવાઓના આધારે આરોપીની ધરપકડ કરી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મુસ્લિમ ધર્મની પવિત્ર જગ્યા પર માસૂમ બાળકોને શિકાર બનાવતા આવા નરાધમોને કારણે મુસ્લિમ સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### મૃતકે આપઘાત પહેલા વીડિયો પણ બનાવ્યો હતો

# સ્યુસાઈડ નોટ લખી વ્યાજખોરોના ત્રાસથી રાજકોટમાં એકનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં વ્યાજખોરોના રાક્ષસી સ્વરૂપની વધુ એક હચમચાવી દેતી ઘટના સામે આવી છે. જ્યાં એક સમયે જેની સાથે બેસીને એક જ થાળીમાં જમતા હતા, એ જ મિત્ર આજે કાળ બનીને ત્રાટક્યો. આત્મહત્યા કરતા પહેલા રિક્ષા ચાલકે બનાવેલો વીડિયો અને લખેલી સુસાઈડ નોટ વ્યાજખોરની હેવાનીયતની સાક્ષી પૂરી રહી છે. રાજકોટમાં વ્યાજખોરોનો આતંક અટકવાનું નામ નથી લઈ રહ્યો...વ્યાજના ચક્રવ્યૂહમાં ફસાયેલા વધુ એક રિક્ષા ચાલકે મોતને વહાલું કર્યુ છે...આ કિસ્સો એટલે વધુ ચોંકાવનારો છે કારણ કે અહીં જીવ લેનાર કોઈ બહારનો શખ્સ નહીં, પણ મૃતકનો 'એક થાળીમાં જમનારો' પરમ મિત્ર જ નીકળ્યો...આપઘાત પહેલાનો મૃતકનો વીડિયો પણ સામે આવ્યો છે...વીડિયોમાં મૃતક જે બોલે છે તે સાંભળીને તમે ચોંકી ઉઠશો.

મૃતકનો અંતિમ વીડિયો
જય માતાજી
મેલડી માતાજીના મંદિર આવ્યો છું
કોર્ટમાં ગયો હતો
આપણે ત્યાં હારી ગયા છીએ એ ખબર જ છે
વીડિયો બનાવવાનું કારણ એક જ છે
માતાજીની સાક્ષીએ કહું છું
મે આટલા બધા રૂપિયા નથી
મારે જે કરવું હતું તે એ મે કરી લીધું
આને મારી પ્રાર્થના છે કે મને ભૂત બનાવજે ભૂત
હું જયલા પાસે સાત વર્ષનો હિસાબ લેવા આવીશ
માણસ મરી જાય ને ત્યારે જ સામેવાળા માને કે આ સાચો છે
બાકી કોઈ નથી માનતું
અને હજી કહું છું
માતાજીને સાક્ષી રાખીને કહું છું
મે આટલા બધા રૂપિયા નથી લીધા
તેણે મારા ખોટા ચેક ભર્યા છે
અને હજી મને કહે છે કે આઠ ચેક પડ્યા
મને એમ કહે છે દવા પી જા તો પણ મને જામીન મળી જાય
તો ભાઈ મે દવા પી લીધી છે
બરાબર
તને કદાચ કોર્ટ જામીન આપી દેશે
પણ માતાજી તને જામીન નહીં આપે
મારા શબ્દો લખી રાખજે તું
આ માતાજી તને જામીન નહીં આપે, નહીં આપે અને નહીં આપે

અમિત તન્ના નામના રિક્ષાચાલકનો વાંક માત્ર એટલો જ હતો કે તેમણે મુશ્કેલીના સમયે પોતાના મિત્ર જયદીપ બોરીચા પાસેથી રૂપિયા લીધા હતા...આરોપી જયદીપ બોરીચાએ મિત્રતાના નામે એવો ખેલ ખેલ્યો કે અમિતભાઈ તેમાંથી નીકળી જ ન શક્યા.

અમિતભાઈએ એક મંડળીમાં લોન લેવા માટે જે કોરા ચેક આપ્યા હતા, જયદીપ તે મંડળીમાંથી ચેક ઉપાડી લાવ્યો અને ૬૦ હજાર સામે આ કોરા ચેકમાં ૩ લાખની રકમ ભરી બેંકમાં જમા કરાવી દીધા અને ચેક રિટર્નની ધમકી આપી માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું.

ત્રાસની પરાકાષ્ઠા તો ત્યારે આવી જ્યારે જયદીપે વ્યાજની ઉઘરાણી માટે અમિતભાઈની પત્નીને રસ્તા વચ્ચે ઊભી રાખી અપમાનિત કરવાનું શરૂ કર્યું...આબરૂના કાંગરા સોશિયલ મીડિયા અને સમાજમાં ન વેરાય તેવા ડર અને મિત્રના અસહ્ય ત્રાસથી કંટાળીને અમિતભાઈએ અંતે આત્મહત્યા પૂર્વે વીડિયો બનાવી અને સુસાઈડ નોટ લખી આ દુનિયામાંથી વિદાય લીધી. હાલ તો પોલીસે સુસાઈડ નોટ અને વીડિયોના આધારે જયદીપ બોરીચા વિરુદ્ધ કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે. પરંતુ સવાલ એ થાય છે કે, શું પોલીસની વ્યાજખોરો વિરુદ્ધની ઝુંબેશ માત્ર કાગળ પર જ છે? કે પછી આવા વ્યાજખોરોને કાયદાનો કોઈ ડર જ રહ્યો નથી?

### એક પ્રવીણભાઈને જેલમાં નાખશો તો ૫૦૦ પ્રવીણભાઈ તૈયાર થશેઃ ગોપાલ ઈટાલીયા

# કેશોદ ખાતે AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને ફંટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામની વિશેષ ઉપસ્થિતિમાં "ખેડૂત સંવાદ કાર્યક્રમ" યોજાયો




આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા અને ફ્ન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ ૧૦૮ દિવસના જેલવાસ બાદ બહાર આવ્યા છે અને ખેડૂતો સહિત ગુજરાતભરના લોકો માટે પોતાનો મજબૂત અવાજ ઉઠાવવા તૈયાર છે. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સાથે ખેડૂત નેતા પ્રવીણ રામે આજે કેશોદ ખાતે "ખેડૂત સંવાદ" કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો, ખેડૂતો, આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા જણાવ્યું હતું કે, આઝાદીની લડાઈ જયારે ચાલતી હતી ત્યારે અંગ્રેજો પણ ભાજપના નેતાઓની જેમ જ વિચારતા હશે કે "આઝાદીની વાત લઈને નીકળેલા લોકોને જો જેલમાં પૂરી દઈએ તો આઝાદીની વાત જ બંધ થઈ જશે." આવું જ વિચારીને અંગ્રેજોએ આપણા દેશના અનેક મહાપુરુષોને અને સ્વતંત્રતાસેનાનીઓની જેલમાં પૂર્યા તેમ છતાં પણ આઝાદી તો આવી જ. ભાજપના નેતાઓને પણ એવો વહેમ છે કે આમ આદમી પાર્ટીના નેતાઓને જો જેલમાં પૂરી દઈશું તો ગુજરાતમાં ભાજપનું જ ચાલતું રહેશે પરંતુ એવું કંઈ થવાનું નથી. કારણ કે એક પ્રવીણ રામને તમે જેલમાં પુરુષો તો બીજા ૫૦૦ પ્રવીણ રામયાર થશે, જો તમે એક રાજુ કરપડાને જેલમાં પુરુષો તો બીજા ૫૦૦ રાજુ કરપડા તૈયાર થશે.

વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા જણાવ્યું હતું કે, અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસના નેતાઓ એકબીજાનું કામ કરતા હતા અને અંદર અંદર પાર્ટી બદલી નાખતા હતા જેના કારણે જનતાનો કોઈ કામ થતું ન હતું. એ લોકોએ ક્યારેય પણ ગુજરાતના સામાન્ય લોકો અને ખાસ કરીને ખેડૂતોનો અવાજ સાંભળ્યો નહીં. પણ હવે ગુજરાતમાં અને દેશમાં આમ આદમી પાર્ટી ઊભી થઈ અને એક તરફથી ઈસુદાનભાઈ આવ્યા, એક તરફથી હું આવ્યો, એક તરફથી પ્રવીણભાઈ આવ્યા, એક તરફથી ચૈતરભાઈ આવ્યા અને આ રીતે અનેક લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા અને ભગવાનના આશીર્વાદથી ગુજરાતમાં આમ આદમી પાર્ટીનું મજબૂત કામ થયું. તો આખા ગુજરાતની આશા અને ભરોસો આમ આદમી પાર્ટી પર બંધાઈ છે. અત્યાર સુધી ભાજપને કોઈ ચેલેન્જ ફેકવા વાળું માણસ હતું નહીં પરંતુ હવે પહેલી વખત ભાજપની સામે પડવાવાળા યુવાનીયાઓ મેદાને આવ્યા છે અને એના કારણે હવે ભાજપવાળા તકલીફમાં આવી ગયા છે. અને હજુ જો ગુજરાતની જનતાના આશીર્વાદ મળશે તો ભાજપના લોકો હાથમાં પણ નહીં આવે.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા પ્રવિણ રામે પોતાનું વક્તવ્ય આપવા જણાવ્યું હતું કે, ૧૦૮ દિવસની જેલવાસ દરમિયાન કેશોદની જનતા સહિત સમગ્ર ગુજરાતની જનતાએ જે રીતે મને અને મારા પરિવારને સપોર્ટ આપ્યો એ તમામ લોકોને હું આભાર માનું છું. અમારા પર જે ખોટા કેસો કરવામાં આવ્યા, એ ગુજરાતના ખેડૂતોને ગમ્યું નથી. મને કોઈ પર્સનલ લડાઈના કારણે જેલમાં નથી નાખવામાં આવ્યો પરંતુ હું ઈકોઝોનની લડાઈ લડું છું, હું ઘેડ મુદ્દે લડાઈ લઉં છું, ખેડૂતોનો અવાજ ઉઠાઉં છું એટલા માટે મને જેલમાં નાખવામાં આવ્યો હતો. એ લોકોને એમ હતું કે અમને જેલમાં નાખીને તેઓ અમને કમજોર કરી દેશે પરંતુ હું તમામ લોકોને કહેવા માગું છું કે અમને જેલમાં નાખીને તમે લોકોએ અમને જ મજબૂત કર્યા છે અને ભગવાન કરે કે તમે લોકો સો વર્ષના થાઓ.

ત્યારબાદ ખેડૂત નેતા પ્રવીણ રામે હડદડમાં બનેલી ઘટના વિશે વાત કરતા જણાવ્યું હતું કે, હડદડ ગામમાં મેં મારી વાત પૂરી કરી અને રાજુભાઈ કરપડાએ પણ પોતાની વાત પૂરી કરી અને બસ પ્રોગ્રામ પૂરો થવાનો હતો. આવા સમયે પોલીસ આવે છે અને મેં ખેડૂતોને બેસી રહેવા માટે કહ્યું તથા મેં શાંતિની અપીલ પણ કરી. પરંતુ પોલીસ જ્યારે પાછી જતી રહે છે અને મિનિટ પછી ફરીથી પાછી આવે છે અને ફરીથી અમે લોકોને બેસવાની અપીલ કરી અને ત્રીજી વાર જ્યારે પોલીસ પાછી આવી ત્યારે હેલ્મેટ અને લાકડીઓ સાથે આવી હતી. ત્યારબાદ પોલીસ ટોળામાં ઘૂસી ગઈ. તો ત્યાં જે ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત હતા એ લોકોની વિવેકબુદ્ધિ ક્યાં ગઈ? શું પોલીસે ઉશ્કેરાટ નથી કર્યો? વધુ ગંભીર બાબતે છે કે એ લોકોએ મોકલેલા અમુક લોકોએ પથ્થરબાજી કરી એમાં ભાજપના લોકો પણ હતા. આ સમગ્ર ઘટના બાદ જે ૮૫ લોકો પર પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી તેમાંથી એક પણ વ્યક્તિ પથ્થર ફેંકતો ન હતો. આ ૮૫ લોકો પથ્થર ફેંકતા હોય એવો એક પણ વીડિયો પોલીસ પાસે ન હતો તો પછી પોલીસે આ લોકોને કઈ રીતે અરેસ્ટ કર્યા? બીજી ચોંકાવનારી બાબત એ છે કે જે લોકો વીડિયોમાં પથ્થર ફેંકતા દેખાય છે એવા એક પણ લોકો પર પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી નથી. આના પરથી સ્પષ્ટ થાય છે કે આ ભાજપ દ્વારા કરવામાં આવેલું ષડયંત્ર હતું.

# પક્ષપલ્ટુ સી જે ચાવડાને કોંગ્રેસના નેતાઓએ સંભળાવી દીધુ તમને મંત્રી ન બનાવાયા એટલે સાવ નવરાધુપ જ છો

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસમાંથી પક્ષપલ્ટો કરીને ભાજપમાં ગયેલા અને સાઈડ લાઈન થયેલા અનેક નેતાઓ હંમેશા ચર્ચાનુ કેન્દ્ર બનતા હોય છે. આવુ જ કંઈક વિજાપુર ધારાસભ્ય સી જે ચાવડા સાથે થયુ છે. અમદાવાદમાં યોજાયેલા એક લગ્ન પ્રસંગમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ સામ સામે આવી ગયા હતા, ત્યારે કોઈએ ધારાસભ્ય સી જે ચાવડાને ટોણો મારતા તેઓ ગીન્નાયા હતા.



અમદાવાદમાં એક લગ્ન પ્રસંગમાં હાજરી દરમિયાન ભાજપના ધારાસભ્ય સી જે ચાવડાને કડવો અનુભવ થયો હતો. એક લગ્ન પ્રસંગમાં રાજકીય નેતાઓનો જમાવડો થયો હતો. તેમાં ભાજપ અને કોંગ્રેસ બંનેના નેતાઓની હાજરી હતી. તો કેટલાક એવા પણ હતા જેઓ પક્ષપલ્ટો કરીને કોંગ્રેસમાંથી ભાજપની વાટ પકડી હતી. આવામાં કોંગ્રેસના આગેવાન નીતીશ વ્યાસે જાહેરમાં વિજાપુરના ભાજપના ધારાસભ્ય સી જે ચાવડાને ટોણો માર્યો કે કોંગ્રેસ છોડીને ભાજપમાં તો ગયા, પરંતુ ભાજપમાં જનારા નેતાઓ સાવ નવરાધુપ જ છે. તમને મંત્રી બનાવાયા નથી, મંત્રી મંડળમાં સ્થાન ન મળ્યુ એટલે આ નેતાઓ પાસે સમય જ સમય છે, આ સાંભળીને સી જે ચાવડાએ નિતીશ વ્યાસને વળતો જવાબ આપતા કહ્યુ કે તમારા જેવા નેતાઓના ત્રાસને કારણે જ કોગ્રેસ પક્ષ છોડવો પડયો હતો. આમ આ ચર્ચાએ ઉગ્ર બોલાચાલીનુ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. સામ સામે શાબ્દિક ટપાટપી થઈ હતી. જેને કારણે જોવા જેવી થઈ હતી. ચર્ચા એટલી બધી ઉગ્ર બની ગઈ હતી કે કેટલાક નેતાઓએ મામલો શાંત પાડવા પ્રયાસ કરવો પડયો હતો. આમ નેતાઓએ બીજાના લગ્ન પ્રસંગમાં પણ રાજકારણની રમત ચાલુ રાખતા વગર પૈસે ખેલ જોવાની લોકોને મજા પડી ગઈ હતી.

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્વસિટી પરીક્ષામાં ગંભીર બેદરકારી બહાર આવીઃ મેઘરજમાં બીએ ની પરીક્ષા દરમિયાન રોડ રસ્તા પરથી મળી આવી ઉત્તરવહી

પ્રતિનિધિ,ગાંધીનગર

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્વસિટી (એચએનજીયુ) ની બીએ સેમેસ્ટર-૩ ની પરીક્ષા દરમિયાન ગંભીર બેદરકારી બહાર આવી છે. જેના કારણે પરીક્ષા પ્રક્રિયામાં જવાબદાર તંત્ર શંકાના દાયરામાં આવ્યુ છે. મામલતદાર કચેરી નજીક રોડ રસ્તા પર થી પરીક્ષાની ઉત્તરવહી મળી. અરવલ્લી જિલ્લાની મેઘરજ મામલતદાર કચેરી નજીક રોડ રસ્તા પરથી પરીક્ષાની ઉત્તરવહી મળી આવી છે. જેના સીરીયલ નંબર દ્વારા તે પરીક્ષાની હોવાની પુષ્ટી થઈ છે. ઉત્તરવહી માંથી ૩ સ્ટીકરો મળી આવ્યા છે જેને કારણે પરીક્ષા પ્રક્રિયામાં ગેરરીતી થઈ હોવાની સંભાવના જણાઈ રહી છે. આ ઘટનાએ સ્થાનિક શિક્ષણતંત્ર અને પરીક્ષા સંચાલન તંત્રને શંકાના ઘેરામાં લાવી દીધા છે. હેમચંદ્રાચાર્ય યુનિર્વસિટીને સ્થાનિક આગેવાનોને લેખિત જાણકારી આપી નિષ્પક્ષ અને ઉંડાણપૂર્વક તપાસ કરવાની માંગ ઉઠી છે.



# અંબાજીમાં મુખ્ય મંદિર, ગબ્બર અને માનસરોવરને જોડતા શકિત કોરીડોરના નિર્માણના પ્રથમ તબકકાના ૯૫૦ કરોડના વિવિધ પ્રકલ્પોનુ મુખ્યમંત્રીએ કર્યુ ખાતમુહુર્ત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અંબાજી-તારંગા-રેલ પ્રોજેક્ટ થી સરળ કનેકિટવીટી અને સ્થાનિક આર્થિક વિકાસને વેગ મળશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આદ્યશકિત ધામ અંબાજીમાં કુલ ૧૬૩૨ કરોડના અંદાજીત ખર્ચે નિર્માણ થનારા અંબાજી કોરીડોરના પ્રથમ તબકકાના રૂપીયા ૯૫૦ કરોડના વિવિધ વિકાસ કામોના ખાત મુહુર્ત સંપન્ન કર્યા હતા.

આગામી ૨૫ વરસોની યાત્રીક સુવિધાઓને ધ્યાનમાં રાખીને અંબાજીમાં શકિત કોરીડોર માટે રૂપીયા ૧૬૩૨ કરોડનો વિઝનરી માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ અંબાજી કોરીડોરના આ પ્રથમ તબકકાના જે કામોના ખાતમુહુર્ત કર્યા છે. તેનાથી આવનારા દિવસોમાં યાત્રીકોને મલ્ટી લેવલ પાર્કિંગ, અંડરપાસ રોડ, યાત્રી નિવાસ પાથવે , દિવ્ય દર્શન ચોક, શકિતપીઠ, એમ્ફી થિયેટર અને લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિતની બહુવીધ ટુરીસ્ટ એમેનીટીઝ મળશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ ગૌરવશાળી સમારોહના અધ્યક્ષસ્થાનેથી સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે આદ્યશકિતના પરમ ઉપાસક વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં આદ્ય શકિત પીઠ અંબાજીનુ હોલીસ્ટિક અને ફયુચરિસ્ટિક ડેવલપમેન્ટ થઈ રહ્યુ છે. મુખ્યમંત્રી સાથે બહુવિધ વિકાસ કામોના ખાતમુહુર્ત પ્રસંગે રાજય મંત્રી મંડળના મંત્રીઓ પ્રવિણ માળી, ડો. જયરામ ગામીત, કમલેશ પટેલ, સ્વરૂપજી ઠાકોર અને બનાસકાંઠા જિલ્લાના ધારાસભ્યો, પદાધિકારીઓ પણ સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ અવસરે કહ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદ્યશકિતની આરાધના અને સોમનાથ સ્વાભિમાન પર્વથી લઈને દેશના યાત્રાધામોના નવીનીકરણના કામો વિકાસ ભી વિરાસત ભી ના મંત્ર સાથે હાથ ધર્યા છે.

કાશી વિશ્વનાથ કોરીડોર, મહાકાલ લોક કેદારનાથ અને વૈજનાથ ધામ જેવા પવિત્ર સ્થળોના વિકાસને નવી ઓળખ મળી છે. અયોધ્યામાં ભવ્ય રામમંદિરનુ નિર્માણ અને પાવાગઢમાં ૫૦૦ વરસ બાદ ધ્વજારોહણ જેવી ઐતિહાસિક ઘટનાઓ પણ તેમના નેતૃત્વમાં પાર પડી છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે ૫૧ શકિતપીઠોમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા અંબાજીધામના વિકાસ માટેનુ વડાપ્રધાનનુ વિઝન સાકાર થઈ રહ્યુ છે. દર વરસે ૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવનુ સફળ આયોજન કરવામાં આવે છે. તેમાં લાખો શ્રધ્ધાળુઓ માતાજીના દર્શનનો લાભ લે છે. તાજેતરમાં યોજાયેલા પરિક્રમા મહોત્સવમાં ૫ લાખ થી વધુ ભકતોએ ભાગ લીધો હતો. તેનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. યાત્રાધામોના વિકાસને પ્રવાસન સાથે જોડતા વડાપ્રધાનના અભિગમને અનુસરીને અંબાજીમાં ગબ્બર ખાતે દેશનો સૌથી મોટો લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ કરવામાં આવ્યો છે, તેમજ પરિક્રમા પથ અને સાંસ્કૃતિક વિલેજ જેવા પ્રકલ્પોથી યાત્રિકોને નવી સુવિધાઓ મળી રહેશે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે વડાપ્રધાનના નેતૃત્વમાં અંબાજી-તારંગા રેલ પ્રોજેકટથી આ વિસ્તારની કનેકિટવીટી મજબુત બનશે. તેના પરીણામે યાત્રાળુઓની સુવિધા વધશે





અને સ્થાનિક આર્થિક વિકાસને ગતિ મળશે, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રાજયના વિવિધ યાત્રાધામોમાં અત્યાર સુધીમાં કરોડોના વિકાસ કાર્યો પુર્ણ કરવામાં આવ્યા છે અને આવનારા સમયમાં વધુ વિકાસ કામોનુ આયોજન કરવામાં આવ્યુ છે.

# રાજયના તમામ શ્રમિકોને અકસ્માત સહાયમાં રૂ.૧ લાખનો વધારોઃ હવે રૂ.૫ લાખની સમાન સુરક્ષા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં અત્યાર સુધી શ્રમિકો માટે અલગ અલગ બોર્ડ હેઠળ અલગ અલગ સહાયની જોગવાઈ હતી. જેના કારણે શ્રમિકોમાં અન્યાયની લાગણી અનુભવાતી હતી , તેને દુર કરવા હવે ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લીધો છે, રાજયના અસંગઠીત ક્ષેત્રના લાખો શ્રમિકો અને બાંધકામ કામદારો વચ્ચે અકસ્માત વળતર ની રકમમાં જે તફાવત હતો તેને હવે દુર કરવામાં આવશે. રાજય વિધાનસભા ગૃહમાં ૧૮ ફેબ્રુઆરીએ રજુ થનારા ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૬-૨૭ ના આગામી બજેટમાં સરકાર દ્વારા ગુજરાત સામુહિક જુથ જનતા અકસ્માત વિમા યોજના હેઠળ તમામ



શ્રમિકો માટે હવે રૂપીયા ૫ લાખની એક સમાન સહાય આપવાની કે સમાન સુરક્ષા કવચ પુરૂ પાડવાની જાહેરાત કરાશે. રાજય સરકારનો આ નિર્ણય શ્રમયોગીઓને સુરક્ષાની ગેરન્ટી આપશે. રૂપીયા ૧૨ કરોડ જેવી નાની પ્રિમિયમની રકમ સામે લાખો પરીવારોને રૂપીયા ૫ લાખનુ કવચ પુરૂ પાડવુ એ મોડેલ સ્ટેટ તરીકે ગુજરાતની એક ઉત્તમ પહેલ ગણાશે. આ ફેરફાર થી રાજયના લાખો શ્રમિક પરીવારોને આર્થિક સુરક્ષા મળશે અને અકસ્માત જેવી કપરી પરીસ્થિતિમાં મોટો ટેકો મળી રહેશે. અત્યાર સુધી ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ અકસ્માતે મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં શ્રમિકો કે કામદારોને રૂપીયા ૩ લાખ થી રૂપીયા ૪ લાખ સુધીની સહાય મળતી હતી. જે તાજેતરમાં કેટલાક કિસ્સાઓમાં રૂપીયા ૫ લાખ સુધી લંબાવવામાં આવી હતી. ગ્રામીણ અને અસંગઠીત શ્રમિકોને પણ ગુજરાત ગ્રામ શ્રમ યોગી કલ્યાણ બોર્ડ હેઠળ આ રકમ માત્ર રૂપીયા ૪ લાખ હતી.

જો કે તેમાં મુખ્ય ગુંચવાડો એ હતો કે રાજયના તમામ શ્રમિકો અને કામદારોને અલગ અલગ નિયમો અને પ્રિમિયમની અલગ અલગ પધ્ધતિઓને કારણે વળતર મેળવવામાં પણ વિલંબ થતો હતો. પરંતુ હવે શ્રમ રોજગાર વિભાગે આગામી બજેટમાં આ નવી યોજના રજુ કરીને રાજયના શ્રમિકોની વિવિધ સુરક્ષા હેઠળની સ્થિતિ બદલવાનુ નકકી કર્યુ છે. જે મુજબ નવી યુનિફોર્મ પેટર્ન અમલમાં લવાશે અને તમામ શ્રમિકો અને કામદારોને અકસ્માત વિમા વળતર પેટે એક સમાન રૂપીયા ૫ લાખની સહાય અપાશે.

### રત્નકલાકારો ખુશખુશાલ!

# જેમ્સ-ડાયમંડ પર ૦% ટેરિફ થતાં ગુજરાતની હીરા બજારોમાં ફરી વખત રોનક આવશે

### આ નિર્ણયથી સુરત અને ભાવનગરના હીરા બજારોમાં ફરીથી તેજી આવવાની પ્રબળ શક્યતાઓ સર્જાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગુજરાતના હીરા ઉદ્યોગ અને લાખો રત્નકલાકારો માટે અમેરિકાથી એક અત્યંત રાહતજનક સમાચાર આવ્યા છે. ભારત અને અમેરિકા વચ્ચે શનિવારે, ૭ ફેબ્રુઆરીના રોજ એક મહત્વપૂર્ણ વ્યાપાર સમજૂતી પર હસ્તાક્ષર થયા છે. આ ઐતિહાસિક કરાર હેઠળ હવે ભારતથી અમેરિકા નિકાસ થતા હીરા અને કિંમતી રત્નો પર ૦% (શૂન્ય ટકા) ટેરિફ લાગશે. આ નિર્ણયથી સુરત અને ભાવનગરના હીરા બજારોમાં ફરીથી તેજી આવવાની પ્રબળ શક્યતાઓ સર્જાઈ છે. આ અંગેની સત્તાવાર જાહેરાત કરતા કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકા વચ્ચે છેલ્લા એક વર્ષથી ચાલી રહેલી જટિલ વાટાઘાટો અંતે સફળ રહી છે. શનિવારે મોડી રાત્રે અમેરિકાએ આ ઐતિહાસિક ફ્રેમવર્કને મંજૂરી આપી દીધી છે, જે બંને દેશોના વેપાર સંબંધોમાં એક નવો અધ્યાય લખશે. કરારની વિગતો જોઈએ તો, અગાઉ ભારતીય નિકાસ પર અમેરિકામાં ઊંચા ટેક્સ હતા. હવે અમેરિકાએ ભારતીય સામાન પરના પારસ્પરિક ટેરિફ ને ૫૦% થી ઘટાડીને સીધો ૧૮% કરી દીધો છે. તેમાં પણ ખાસ કરીને જેમ્સ, જ્વેલરી, કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડ્સ, સ્માર્ટફોન અને દવાઓ જેવી પસંદગીની વસ્તુઓ પર હવે કોઈ ડ્યુટી લાગશે નહીં, એટલે કે ટેક્સ શૂન્ય થઈ જશે.

આ નિર્ણયનો સૌથી મોટો ફાયદો સુરત અને જયપુરને થશે. વિશ્વમાં તૈયાર થતા ૮૦% હીરાનું કટિંગ અને પોલિશિંગ એકલા સુરતમાં થાય છે, જ્યારે જયપુર રંગીન રત્નો (Gemstones) નું હબ છે. અમેરિકા ભારતનો સૌથી મોટો નિકાસ ભાગીદાર દેશ છે, તેથી ત્યાં ટેક્સ ઘટતા ભારતીય નિકાસકારોને સીધો ફાયદો થશે. ટેરિફ ૦% થવાથી અમેરિકન બજારમાં ભારતીય હીરા સસ્તા થશે, જેના કારણે સ્પર્ધામાં ભારત આગળ નીકળી શકશે.

બજારના નિષ્ણાતો માને છે કે સસ્તા ભાવને કારણે અમેરિકામાં ડાયમંડ જ્વેલરીની ડિમાન્ડ વધશે, જેનો સીધો અને મોટો ઓર્ડર સુરતના કારખાનાઓને મળશે. આનાથી હીરા ઉદ્યોગમાં ફરીથી રોકડ પ્રવાહ વધશે અને કારખાનાઓ ધમધમતા થશે. આ સમાચારથી સુરતના વરાછા અને કતારગામ જેવા વિસ્તારોમાં દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

આ કરારની સૌથી સકારાત્મક અસર રોજગારી પર પડશે. મંદીને કારણે જે રત્નકલાકારોના કામના કલાકો ઘટી ગયા હતા કે વેતન કપાત થઈ હતી, તેમને હવે પૂરતું કામ અને સારું વેતન મળી શકશે. ઘણા કારખાનાઓમાં જે શનિ-રવિની રજાઓ પાડવામાં આવતી હતી, તે હવે બંધ થઈ શકે છે અને કારીગરોને ઓવરટાઈમ પણ મળી શકે છે. હીરા ઉદ્યોગ ઉપરાંત, આ કરારથી કૃષિ ક્ષેત્ર ને પણ મોટો ફાયદો થયો છે. ચા, કોફી, મસાલા, કાજુ અને નારિયેળ જેવા ઉત્પાદનોની નિકાસ પણ સરળ અને સસ્તી બનશે. પરંતુ, સૌથી વધુ ઉજવણીનો માહોલ હીરા બજારમાં છે, કારણ કે આ નિર્ણય તેમના માટે સંજીવની સમાન સાબિત થઈ શકે છે.

### તંત્રની ઘોર બેદરકારી સામે રોષ

# જમાલપુરમાં નળમાંથી ડહોળા પાણી સાથે નીકળ્યો કણો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સ્માર્ટ સિટી અમદાવાદના મધ્ય ઝોનમાં આવતા જમાલપુર વોર્ડના રહેવાસીઓ અત્યારે નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. મિરઝાપુર વિસ્તારમાં આવેલી 'નનું શેઠની ચાલી' (જે નમક ની ચાલી તરીકે ઓળખાય છે) માં છેલ્લા છ મહિનાથી ગંદા પાણીની સમસ્યાનો પ્રશ્ન છે. જો કે આજે સવારે જે ઘટના બની તેણે મ્યુનિસિપલ કોર્પોરેશનના 'શુદ્ધ જળ' ના દાવાઓની પોલ ખોલી નાખી છે. અહીં એક ઘરના નળમાંથી પાણીની સાથે સાપનું બચ્ચું અને જીવાતો નીકળતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ અને આક્રોશ ફેલાયો છે.

નનું શેઠની ચાલીમાં રહેતા હાજરાબેન રફયુદીન (ઘર નંબર ૮૮૧/૫) ના ઘરે આજે સવારે જ્યારે પાણી આવ્યું, ત્યારે તેમાં જીવાતોની સાથે સાપનું નાનું બચ્ચું પણ જોવા મળ્યું હતું. છેલ્લા છ મહિનાથી અહીંના રહીશો ઓછું પ્રેશર અને ગટર મિશ્રિત ગંદા પાણીની ફરિયાદ કરી રહ્યા છે, પરંતુ તંત્રના બહેરા કાને આ અવાજ પહોંચતો નથી. શું અમદાવાદના નાગરિકો ટેક્સ ભર્યા પછી પણ આવું પ્રદૂષિત અને જોખમી પાણી પીવા માટે લાયક છે? અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) માં છેલ્લા ચાર દિવસથી પાણીની ભારે સમસ્યા સર્જાઈ છે. પૂર્વ વિસ્તારના નાગરિકો પાણી માટે વલખાં મારી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, જમાલપુર વોર્ડના કાઉન્સિલર રફીક શેખ સ્વીકારે છે કે, ટેકનિકલ સમસ્યા હોઈ શકે, પરંતુ વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ટેક્રર મોકલવામાં તંત્ર સદંતર નિષ્ફળ રહ્યું છે. લોકો નાહ્યા-ધોયા વગર ઓફિસે જવા મજબૂર બન્યા છે અને શૌચક્રિયા જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે પણ પાણી ઉપલબ્ધ નથી.

જ્યારે લોકોએ આ અંગે ફરિયાદ કરવા મધ્ય ઝોન અને પ્રોજેક્ટ ખાતાના અધિકારીઓને ફોન કર્યા, ત્યારે જવાબદારીમાંથી છટકવા માટે અધિકારીઓએ પોતાના મોબાઈલ ફોન બંધ કરી દીધા હતા.

પ્રાથમિક સુવિધાઓ આપવામાં નિષ્ફળ ગયેલા શાસક પક્ષ અને વહીવટી તંત્ર માટે આ શરમજનક બાબત છે. નાગરિકોને ગટરનું પાણી અને જીવાતવાળું પાણી પીવડાવીને તંત્ર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યું છે. જો આ પ્રદૂષિત પાણી પીવાથી કોઈ મોટી બીમારી ફેલાશે અથવા કોઈ જાનહાનિ થશે, તો તેની જવાબદારી કોણ લેશે? મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશોએ આ મામલે તાત્કાલિક સંજ્ઞાન લઈ કાયમી ઉકેલ લાવવો જોઈએ, અન્યથા નાગરિકોનો આક્રોશ આગામી સમયમાં આંદોલનનું સ્વરૂપ ધારણ કરી શકે છે.